RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 23* Date: 12.11.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યાના આરોપીઓને મુક્ત કરવાનો આદેશ

## એક આરોપી પેરારીવલનને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી

નવીદિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યાના તમામ ૬ આરોપીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ દોષિતોમાં નલિની અને આરપી રવિચંદ્રન પણ સામેલ છે જેમણે રાજીવ ગાંધીની હત્યાનું કાવતરું રચ્યું હતું.

૨૧ મે ૧૯૯૧ના રોજ એક ચૂંટણી રેલી દરમિયાન તમિલનાડુમાં આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. તેને એક મહિલાએ માળા પહેરાવી હતી, ત્યારબાદ વિસ્ફોટ થયો હતો. જે વિસ્ફોટમાં ૧૮ લોકોના મોત થયા હતા. આ કેસમાં કુલ ૪૧ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ લોકોના મોત થઈ ચૂક્યા છે અને ત્રણ નાસી છૂટ્યા હતા. જ્યારે બાકીના ૨૬ પકડાયા હતા. તેમાં શ્રીલંકાના અને ભારતીય નાગરિકો હતા. ફરાર આરોપીઓમાં પ્રભાકરન, પોટ્ટુ ઓમ્માન અને અકિલાનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે ટાડા એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. સાત વર્ષની કાનૂની કાર્યવાહી બાદ ૨૮ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ટાડા કોર્ટે હજાર પાનાનો ચુકાદો આપ્યો હતો. જેમાં તમામ ૨૬ આરોપીઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. એક



આરોપી પેરારીવલનને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી જેને પણ મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ૧૮ મેના રોજ સુપ્રીમ કોર્ટે પેરારીવલનને જેલમાં તેમના સારા વર્તન માટે મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ એલ નાગેશ્વરની બેંચે કલમ ૧૪૨નો ઉપયોગ કરીને આ આદેશ આપ્યો હતો.

રાજીવ ગાંધીની હત્યાના તમામ છ આરોપી પર ચુકાદો સંભળાવતી વખતે, સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે જેલમાં બંધ આરોપીઓ એસ નલિની, જયકુમાર, આરપી રવિચંદ્રન, રોબર્ટ પિયાસ, સુતેન્દ્રરાજા અને શ્રીહરન સારા વર્તન માટે જેલમાંથી મુક્ત થયા છે. જેલમાં તેમની વર્તણૂક સારી હોવાનું જાણવા મળ્યું હતું અને જેલમાં તેમના રોકાણ દરમિયાન આ તમામે વિવિધ ડિગ્રીઓ હાંસલ કરી હતી.સુપ્રિમ કોર્ટે તેના નિર્ણયમાં કહ્યું કે છેલ્લા ઘણા સમયથી રાજ્યપાલે કોઈ નિર્ણય નથી લીધો જેથી અમે નિર્ણય લઈ રહ્યા છીએ. અદાલતે જણાવ્યું હતું કે આ કિસ્સામાં દોષિત જાહેર કરાયેલ પેરારિવલનને છોડી મુકવાનો આદેશ બાકીના દોષિતો પર પણ લાગુ પડશે. પરંતુ એ પહેલા સુપ્રિમ કોર્ટે આ વર્ષે મે મહિનામાં પેરારિવલનનો છોડવાનો આદેશ કર્યો છે.

આ કેસમાં કુલ ૪૧ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. ૧૨ લોકોના મોત થયા હતા અને ત્રણ ફરાર થઈ ગયા હતા. જ્યારે બાકીના ૨૬ પકડાયા હતા. તેમાં શ્રીલંકન અને ભારતીય નાગરિકો હતા. ફરાર આરોપીઓમાં પ્રભાકરન, પોટ્ટુ ઓમ્માન અને અકિલા સામેલ છે. આરોપીઓ સામે ટાડા એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. સાત વર્ષની કાનૂની કાર્યવાહી બાદ ૨૮ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ટાડા કોર્ટે હજાર પાનાનો ચુકાદો આપ્યો હતો. જેમાં તમામ ૨૬ આરોપીઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી.

આ નિર્ણય ટાડા કોર્ટનો હતો તેથી તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. ટાડા કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારી શકાયો નથી. એક વર્ષ બાદ સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંચે સમગ્ર નિર્ણયને પલટી નાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૬માંથી ૧૯ દોષિતોને નિર્દોષ જાહેર કર્યા હતા. માત્ર ૭ દોષિતોની ફાંસીની સજા યથાવત રાખવામાં આવી હતી.

બાદમાં તેને આજીવન કેદમાં બદલી દેવામાં આવી હતી.જ્યારે નલિનીની રાજીવ ગાંધીની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે તે ગર્ભવતી હતી. તેની પ્રેગ્નન્સીના ૨ મહિના થયા હતા. ત્યારે સોનિયા ગાંધીએ નલિનીને માફ કરી હતી. તેમણે કહ્યું હતું કે નલિનીની ભૂલની સજા તેના માસૂમ બાળકને કેવી રીતે મળી શકે, જે દુનિયામાં આવ્યું જ નથી.રાજીવ ગાંધીની હત્યાના કેસમાં ટ્રાયલ કોર્ટે કાવતરામાં સામેલ ૨૬ ગુનેગારને મૃત્યુદંડની સજા ફટકારી હતી. મે ૧૯૯૯માં સુપ્રીમ કોર્ટે ૧૯ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા. બચેલા સાત આરોપી(નલિની, મુરુગન ઉર્ફે શ્રીહરન, સંથન અને પેરારીવલન)ને મૃત્યુદંડ આપ્યો અને બાકી (રવિચંદ્રન, રોબર્ટ પાયસ અને જયકુમાર)ને ઉંમર કેદ. ચારેયની દયાની અરજી પર તામિલનાડુના રાજ્યપાલે નલિનીની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી, બાકીના આરોપીઓની દયાની અરજી રાષ્ટ્રપતિએ ૨૦૧૧માં ફગાવી દીધી હતી.

૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા બાદ રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા. કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ત્રણ ચતુર્થાંશ બેઠકો જીતવામાં સફળ રહી હતી. એ સમયે કોંગ્રેસે ૫૩૩માંથી ૪૧૪ બેઠક જીતી હતી. રાજીવ જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેઓ માત્ર ૪૦ વર્ષના હતા. તેઆ દેશના સૌથી યુવા વડાપ્રધાન હતા.

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે જમીન સંપાદનની પ્રક્રિયા ગેરકાયદેસર, ગોદરેજ ગ્રુપનો બોમ્બે હાઈકોર્ટમાં દાવો

મુંબઈ,તા.૧૧

જમીન સંપાદન પ્રક્રિયા ગેરકાયદેસર હોવાના કારણે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વિલંબ થઈ રહ્યો છે. ગોદરેજ ગ્રુપ ખોટા આરોપો લગાવીને પોતાની નિષ્ફળતા છુપાવી રહ્યું છે. ગોદરેજ કંપનીએ બોમ્બે હાઈકોર્ટમાં આ દાવો કર્યો છે. કંપનીએ રાજ્ય સરકારના એ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે કે પ્રોજેક્ટમાં વિલંબ પાછળ ગોદરેજ કંપની કારણભૂત છે. ગોદરેજ એન્ડ બોયસ કંપનીએ ગુરુવારે મુંબઈ હાઈકોર્ટમાં આ દાવો કર્યો હતો. રાજ્ય સરકારનો આરોપ છે કે ગોદરેજ કંપની જમીન સંપાદનની પ્રક્રિયામાં અવરોધ ઉભી કરી રહી છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવાના રાજ્ય સરકારના આદેશને કંપનીએ હાઈકોર્ટમાં પડકાર્યો છે. આ અરજીનો વિરોધ કરતા રાજ્ય સરકારે કંપની પર પ્રોજેક્ટ લટકાવવાનું કારણ હોવાનો આરોપ લગાવ્યો હતો. ગોદરેજે આ આરોપને નકારી કાઢ્યો અને કોર્ટમાં દાવો કર્યો કે રાજ્ય સરકાર તેની નિષ્ફળતા માટે કંપની પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીએ ગુરુવારે જસ્ટિસ નીતિન જામદાર અને જસ્ટિસ શર્મિલા દેશમુખની ડિવિઝન બેંચ સમક્ષ તેનું સોગંદનામું રજૂ કર્યું હતું. હાઈકોર્ટે સુનાવણીની આગામી તારીખ ૨૧ નવેમ્બર નક્કી કરી છે.

બુલેટ ટ્રેનની જમીન માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહેલી ૨૬૪ કરોડની વળતરની રકમ સામે ગોદરેજ હાઈકોર્ટમાં પહોંચ્યું છે. રાજ્ય સરકારે મુંબઈના વિક્રોલી વિસ્તારમાં બુલેટ ટ્રેન માટે ૧૦ હેક્ટર જમીન લેવાની તૈયારી શરૂ કરી છે. કંપની બોમ્બે હાઈકોર્ટને આ જમીન સંપાદનની પ્રક્રિયાને મોકૂફ રાખવાની માંગ કરી રહી છે. રાજ્ય સરકાર નુકસાનની ભરપાઈ માટે માત્ર ૨૬૪ કરોડની રકમ આપવા પર અડગ છે.

મુંબઈ અને અમદાવાદને જોડતા આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૫૩૪ કિમી હાઈસ્પીડ રેલવે કોરિડોરમાં ૨૧ કિલોમીટર લંબાઈની ટનલ તૈયાર કરવામાં આવી રહી છે. આ ટનલ થાણેની ખાડીની નીચેથી પસાર થશે. આ ટનલ મુંબઈના વિક્રોલી વિસ્તારથી શરૂ થશે. આ માટે રાજ્ય સરકારે જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ હેઠળ માર્ચ ૨૦૧૮માં વિક્રોલીનો આ પ્લોટ લેવાની પ્રક્રિયા શરૂ કરી હતી. કંપનીનું કહેવું છે કે નુકસાન અંગેની સુનાવણીને હવે ૨૬ મહિનાથી વધુ સમય વીતી ગયો છે. આવી સ્થિતિમાં જૂના ભાવ પર કરાયેલ કરાર હવે રદ થાય છે.

બીજી તરફ આ પ્રોજેક્ટ પહેલેથી જ ચાર વર્ષથી લટકી રહ્યો છે. રાજ્ય સરકારની દલીલ છે કે જ્યાં સુધી વિવાદનો નિર્ણય ન આવે ત્યાં સુધી તેને નુકસાનની રકમ જમા કરાવવાની છૂટ આપવી જોઈએ. વિક્રોલીની ૩,૦૦૦ એકર જમીનની માલિકી અંગે ૧૯૭૩નો વિવાદ હજુ પેન્ડિંગ છે. જેના કારણે પ્રજાના હિત માટે બનાવવામાં આવી રહેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ લટકી રહ્યો છે.

## મુંબઈમાં આતંકી હુમલાનું અલર્ટ, ડ્રોન-પ્રાઈવેટ હેલીકોપ્ટર ઉડાવવા પર રોક



મુંબઈ,તા.૧૧

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં આતંકી હુમલાનું અલર્ટ છે. આ બધા વચ્ચે મુંબઈ પોલીસે જોખમની આશંકાના પગલે ૧૩ નવેમ્બરથી આગામી ૩૦ દિવસ માટે શહેરમાં કોઈ પણ ડ્રોન, રિમોટ કંટ્રોલ્ડ લાઈટ એરક્રાફ્ટ અને પેરાગ્લાઈડરને ઉડાવવા પર પ્રતિબંધાત્મક આદેશ બહાર પાડ્યા છે. ૧૩ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી મુંબઈમાં ડ્રોન, રિમોટથી નિયંત્રિત એરક્રાફ્ટ, પેરાગ્લાઈડર, ખાનગી હેલિકોપ્ટર અને ગરમ હવાના બલુન ઉડાવવા પર રોક રહેશે.

અત્રે જણાવવાનું કે મુંબઈ પોલીસે આવો આદેશ એટલા માટે આપ્યો છે જેથી કરીને આતંકવાદી ગતિવિધિઓ માટે આ ચીજોના સંભવિત ઉપયોગને અટકાવી શકાય. આ આદેશ ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમાં થયેલા આતંકી હુમલાની વરસીને ધ્યાનમાં રાખીને બહાર પાડવામાં આવ્યો છે. આ હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા. મુંબઈ પોલીસે સીઆરપીસીની કલમ ૧૪૪ હેઠળ આ આદેશ બહાર પાડ્યો. પોલીસનું કહેવું છે કે તેનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિને આઈપીસીની કલમ ૧૮૮ હેઠળ સજા થશે.

## એમસીડી ચૂંટણીને ધ્યાને રાખી અરવિંદ કેજરીવાલે આપી ૧૦ ગેરેન્ટી, લંડન-પેરિસથી એક્સપર્ટ બોલાવાની વાત કહી

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી નગર નિગમ ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ રાજકીય પાર્ટી એક્ટિવ થઈ ગઈ છે. કચરાના ઢગલા અને દિલ્હીમાં પ્રદૂષણના મુદ્દા પર આમ આદમી પાર્ટી અને ભાજપની વચ્ચે ટક્કર તેજ થઈ ગઈ છે. આ તમામની વચ્ચે એમસીડી ચૂંટણીને ધ્યાને રાખી આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે એટલે કે શુક્રવારે દિલ્હીવાસીઓ માટે ૧૦ ગેરેન્ટી આપી છે.

પ્રેસ કોન્ફ્રેન્સ દરમિયાન ભારતીય જનતા પાર્ટી પર પ્રહાર કરતા કેજરીવાલે કહ્યું કે, દિલ્હીની જનતાને એક ભાવૂક અપીલ કરી અને કહ્યું કે, યોગ રોકનારાને વોટ આપતા નહીં, યોગ કરનારાને વોટ આપજો. લડાઈ કરનારાને વોટ આપતા નહીં, સ્કૂલ બનાવનારાને વોટ આપજો. દિલ્હી રોકનારાને વોટ આપતા નહીં, દિલ્હી ચલાવનારાને વોટ આપજો. દેશ રોકનારાને વોટ આપતા નહીં, દેશને નંબર વન બનાવનારને વોટ આપજો. ત્યાર બાદ અરવિંદ કેજરીવાલે એમસીડી ચૂંટણીમાં દિલ્હીને ૧૦ ગેરેન્ટી આપી છે.

એમસીડી ચૂંટણીમાં કેજરીવાલે જે ૧૦ ગેરેન્ટી આપી તેમાં દિલ્હીમાં જેટલા પણ કચરાના પહાડ છે, તેને ખતમ કરી દેશે. કોઈ પણ નવો પહાડ દિલ્હીની અંદર બનવા દેશે નહીં અને કચરાના નિવારણ માટે લંડન પેરિસથી એક્સપર્ટ બોલાવશે અને બાકીના શહેરોના માફક કચરાનું નિવારણ કરશે. રોડ અને શેરીઓને શાનદાર બનાવી દેશે, સાફ સફાઈ રાખશે ભ્રષ્ટાચાર મુક્ત એમસીડી હશે.નકશા પાસ કરાવાની પ્રક્રિયા સરળ બનાવશે અને પૈસા આપવાનું કામ બંધ થશે.

પાર્કિંગની સમસ્યાથી મુક્તિ અપાવશે રખડતા ઢોર અને કુતરાથી દિલ્હીવાસીઓને મુક્તિ અપાવશે નગર નિગમના રસ્તા અને શેરીઓને સુંદર બનાવશે સ્કૂલ અને હોસ્પિટલ શાનદાર બનાવશે તમામ એમસીડી પાર્કને સુંદર અને સ્વચ્છ રાખશે કોન્ટ્રાક્ટ કર્મચારીઓને કાયમી કરશે, સૌને સમયસર પગાર મળશે વેપારીઓની સમસ્યાનું નિવારણ લાવશે, ઈંસ્પેક્ટર રાજ ખતમ થશે લારીઓવાળા માટે વેંડિંગ ઝોન બનાવશે. સૌને લાયસન્સ આપશે કોઈ પૈસા વસૂલી નહીં થાય.

## શોપિયાંમાં જૈશ-એ-મોહમ્મદનો એક આતંકવાદી અથડામણમાં માર્યો ગયો

**જમ્મુ-કાશ્મીરમાં પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત કાર્યવાહીમાં આતંકવાદી કામરાન માર્યો ગયો**

શ્રીનગર,તા.૧૧

જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં ફરી એકવાર આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ છે, જેમાં જૈશ-એ-મોહમ્મદ આતંકી સંગઠનનો એક આતંકી માર્યો ગયો છે. કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું કે માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ કામરાન ભાઈ ઉર્ફે હાનિસ તરીકે થઈ છે, જે કુલગામ-શોપિયન વિસ્તારમાં ખૂબ જ સક્રિય હતો. મળતી માહિતી મુજબ, એન્કાઉન્ટર શોપિયનના કપરીન વિસ્તારમાં શરૂ થયું હતું. પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત કાર્યવાહીમાં જૈશ આતંકવાદી માર્યો ગયો. પોલીસે જણાવ્યું કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે કારણ કે અન્ય આતંકવાદીઓની હાજરીની આશંકા છે.અગાઉ ૯ નવેમ્બરે જમ્મુમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ શંકાસ્પદ સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યો હતો. પોલીસે માહિતી આપી હતી કે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જમ્મુના નરવાલ વિસ્તારમાં એક ઓઈલ ટેન્કરમાંથી ત્રણ એકે રાઈફલ, એક પિસ્તોલ અને છ ગ્રેનેડ સહિત હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. તેમણે કહ્યું કે મોડ્યુલને એક પાકિસ્તાની માસ્ટર દ્વારા સરહદ પારથી કાશ્મીરમાં મોકલવામાં આવેલા હથિયારો વહન કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

ગુરુવારે કુપવાડા જિલ્લામાં આતંકવાદને ધિરાણ અને ભરતી મોડ્યુલનો પર્દાફાશ કરીને ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કુપવાડા પોલીસે ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સ અને આર્મીની ૪૭ રાષ્ટ્રીય રાઈફલ્સની મદદથી ઉત્તર કાશ્મીરમાં કાર્યરત આતંકવાદી ભંડોળ અને ભરતી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે, એમ કુપવાડાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) યુગલ મનહાસે જણાવ્યું હતું. જિલ્લાના ચિરકોટ વિસ્તારના રહેવાસી બિલાલ અહેમદ ડાર વિશે ઘણી માહિતી મળ્યા પછી, સેના અને પોલીસે તેને પકડવા માટે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું અને તેની ધરપકડ કરી.બિલાલ અહેમદ ડારે પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો હતો કે તે, ઉત્તર કાશ્મીરના વિવિધ વિસ્તારોમાંથી પાંચ અન્ય લોકો સાથે, 'ઈસ્લાહી ફલાહી રિલીફ ટ્રસ્ટ' નામની નકલી બિન-સરકારી સંસ્થાની આડમાં ટેરર ??ફંડિંગ ગેંગમાં સામેલ હતો.

## તમારો એક-એક વોટ મારી શક્તિ વધારશે: હિમાચલમાં પીએમ મોદીનો ઓપન લેટર

નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પહેલા હિમાચલ પ્રદેશના મતદારોને પત્ર લખ્યો છે. ભાજપ નેતૃત્વએ વડાપ્રધાન મોદીના આ પત્રાને હિમાચલ પ્રદેશના દરેક મતદાતા સુધી પહોંચાડવાની જવાબદારી ભાજપના પ્રભારીને સોંપી છે અને આ માટે જિલ્લા સ્તરે સંકલન કરવામાં આવી રહ્યુ છે. પીએમ મોદીએ પત્રમાં લખ્યુ છે કે જ્યારે તમે આપણી દેવભૂમિના ભવિષ્ય માટે તમારો મહત્વપૂર્ણ મત આપવા જઈ રહ્યા છો ત્યારે હું તમારા અવિરત આશીર્વાદ અને પ્રેમ માટે તમને નમન કરવા માંગુ છુ.પીએમ મોદીએ લખ્યુ છે કે હિમાચલ એક એવી અલૌકિક ભૂમિ છે કે જે વ્યક્તિ એકવાર પણ મુલાકાત લે છે તે જીવનભર તેની આભા અનુભવે છે. મને ઘણી વખત તમારી વચ્ચે રહેવાનો લહાવો મળ્યો છે. આ ઋણ ચૂકવવા માટે હિમાચલની અવિરત સેવા કરવી એ મારી જીવનભરની ફરજ છે. ગત વર્ષોમાં ડબલ એન્જિન સરકારે સમગ્ર રાજ્ય અને ખાસ કરીને હિમાચલના સરહદી વિસ્તારોના વિકાસ માટે ઝડપથી કામ કર્યુ છે જે દાયકાઓથી ઉપેક્ષિત છે. હું આ વિકાસ અભિયાનને હિમાલયની ઊંચાઈ જેટલી ઊંચાઈ સુધી પહોંચતા જોવા ઈચ્છુ છુ.તેમણે લખ્યુ કે મારી તમને સૌને ખાસ વિનંતી છે કે દેવભૂમિના વિકાસની આ યાત્રા આવનારા વર્ષોમાં પણ આ જ રીતે ચાલતી રહે. આ વિનંતી એટલા માટે પણ છે કે જ્યારે હું ૨૦૧૪માં કેન્દ્ર સરકારમાં આવ્યો હતો અને અહીં બીજી પાર્ટીની સરકાર હતી ત્યારે તેણે કેન્દ્રની યોજનાઓને આગળ વધવા દીધી ન હતી. હિમાચલમાં જ્યારે ભાજપની સરકાર બની ત્યારે વિકાસની ઝડપી પ્રક્રિયા શરૂ થઈ. આ શ્રેણીને અટકવા ન દેવી જોઈએ. તેમણે આગળ લખ્યુ કે મને પૂરો વિશ્વાસ છે કે ગત વખતની જેમ ભાજપ તમારા આશીર્વાદ મેળવશે અને હિમાચલમાં ફરી એકવાર કમળનુ ફૂલ ખીલશે.

## વિશ્વભરમાં દર વર્ષે ૧૫ લાખ લોકોના મૃત્યુનું કારણ છે વાયુ પ્રદૂષણ! રિપોર્ટ

નવીદિલ્હી,તા.૧૧

વાયુ પ્રદૂષણનું નીચું સ્તર વિચાર કરતાં વધુ ખતરનાક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાજેતરના મૂલ્યાંકન મુજબ, વાયુ પ્રદૂષણના સૂક્ષ્મ કણોના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાને કારણે દર વર્ષે ૪૨ લાખથી વધુ લોકો અકાળે મૃત્યુ પામે છે.વાયુ પ્રદૂષણ ફાઈન પાર્ટિક્યુલેટ મેટર વિશ્વભરમાં દર વર્ષે ૧૫ લાખ લોકોના અકાળ મૃત્યુ માટે જવાબદાર હોઈ શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વાયુ પ્રદૂષણનું નીચું સ્તર વિચાર કરતાં વધુ ખતરનાક છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના તાજેતરના મૂલ્યાંકન મુજબ, વાયુ પ્રદૂષણના સૂક્ષ્મ કણોના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાને કારણે દર વર્ષે ૪૨ લાખથી વધુ લોકો અકાળે મૃત્યુ પામે છે.'સાયન્સ એડવાન્સિસ' જર્નલમાં પ્રકાશિત થયેલો આ અભ્યાસ સૂચવે છે કે પ્રદૂષણના આ સૂક્ષ્મ રજકણોના સંપર્કમાં આવવાથી દર વર્ષે વિશ્વભરમાં મૃત્યુ અપેક્ષા કરતા વધુ હોઈ શકે છે. આ કણો, જે ફક્ત માઈક્રોસ્કોપ હેઠળ જોઈ શકાય છે, તે હૃદય અને શ્વસન સંબંધી રોગો અને કેન્સરનું કારણ બની શકે છે.કેનેડાની મેકગિલ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર, મુખ્ય સંશોધક સ્કોટ વિચેન્થલે જણાવ્યું હતું કે, "અમને જાણવા મળ્યું છે કે બાહ્ય પીએમ ૨.૫ દર વર્ષે વિશ્વભરમાં ૧૫ લાખ વધારાના મૃત્યુ માટે જવાબદાર હોઈ શકે છે."

## તંત્રી સ્થાનેથી...

# આતંકવાદ પ્રત્યે કૂણું વલણ જોખમી



ગત અઠવાડિયે સુપ્રીમ કોર્ટે લશ્કરે તૈયબાના એક પાકિસ્તાની આતંકીની એ અરજી ફગાવી દીધી, જેમાં તેણે પોતાને અપાયેલી ફાંસીની સજા પર ફરીથી વિચાર કરવાનો અનુરોધ કર્યો હતો. મુહંમદ આરિફ ઉર્ફે અશફાકને ડિસેમ્બર ૨૦૨૦માં લાલ કિલ્લામાં તૈનાત સેનાની ૭ રાજપૂતાના રાઈફલ્સના યુનિટ પર હુમલાનો દોષીત ઠેરવવામાં આવ્યો હતો. આ હુમલામાં આતંકીઓના ગોળીબારમાં સેનાના ત્રણ જવાનો બલિદાન થયા હતા. એ તો રાહતની વાત રહી કે સુપ્રીમ કોર્ટે પાકિસ્તાની આતંકીની મોતની સજા યથાવત રાખી, પરંતુ એ જાણવું નિરાશાજનક છે કે કોઈને નથી ખબર કે તેને સંભળાવવામાં આવેલી સજા પર અમલ ક્યારે થશે? આ આતંકીને ઓક્ટોબર ૨૦૦૫માં દિલ્હીની એક નીચલી અદાલતે મોતની સજા સંભળાવી, પછી ૨૦૦૭માં દિલ્હી હાઈકોર્ટે એના પર મહોર લગાવી. ત્યારબાદ ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે પણ. મૃત્યુદંડની સજા પામેલા આ આતંકીએ ત્યારબાદ પુનર્વિચાર અરજી દાખલ કરી. આ અરજી પણ ૨૦૧૨માં ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ આતંકીએ ક્યુરેટિવ એટલે કે ઉપચારાત્મક અરજી દાખલ કરી. જાન્યુઆરી ૨૦૧૪માં તેને પણ ફગાવી દેવામાં આવી. ખબર નહીં હવે આ આતંકી શું કરશે, પરંતુ તેની પાસે રાષ્ટ્રપતિ પાસે દયા અરજી પ્રસ્તુત કરવાનો અધિકાર તો છે જ! તે આ અધિકારનો ઉપયોગ ચાહે ગમે ત્યારે કરે, ૨૦૧૪ બાદથી અત્યાર સુધી તેને ફાંસી આપવાનો કોઈ ઉપક્રમ ન કરવો એ જ દર્શાવે છે કે ખૂંખાર આતંકીઓને બિરિયાનીનાં જમણ જમાડીને પંપાળવામાં આવે છે. આવું ચાહે ગમે તે કારણોથી થઈ રહ્યું હોય, પરંતુ આતંકીઓને સજા આપવા મામલે આવું ઢીલું વલણ અપનાવવાથી એક એવા સમયે આતંકવાદ વિરુદ્ધ લડાઈ રહેલી લડાઈને યોગ્ય રીતે ન લડી શકાય, જ્યારે આતંકી ગતિવિધિઓ પર લગામ નથી લાગી રહી. રોજેરોજ એવા સમાચારો આવતા રહે છે કે અમુક બાબતોની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે એનઆઈએને સોંપવામાં આવી. એ પણ કોઈ નવી વાત નથી કે દેશના વિભિન્ન હિસ્સાથી ક્યારેક અલકાયદા, ક્યારેક ઈસ્લામિક સ્ટેટ અને ક્યારેક કોઈ અન્ય આતંકી સંગઠનના સદસ્ય આ તપાસ એજન્સીની ઝપટમાં આવતા રહે છે. આતંકવાદનો ખતરો કેવી રીતે માથું ઊંચકી રહ્યો છે તેની ખબર એના પરથી પડે છે કે રહી રહીને કોઈને કોઈ આતંકી હુમલાના ષડયંત્રનો ભંડાફોડ થતો રહે છે. એવો જ એક ભંડાફોડ દિવાળીની પૂર્વ સંધ્યા એટલે કે ૨૩ ઓક્ટોબરે કોઈમ્બતુરમાં ત્યારે થયો, જ્યારે સંગમેશ્વર મંદિર પાસેથી પસાર થઈ રહેલ કારમાં એક ભીષણ વિસ્ફોટ થયો. આ વિસ્ફોટમાં કારચાલક જમીશા મુબીન માર્યો ગયો. તપાસમાં ખબર પડી કે મુબીનનો ઉદ્દેશ્ય મંદિરમાં આત્મઘાતી વિસ્ફોટ કરવાનો હતો, પરંતુ કોઈ ગફલતને કારણે સમય કરતાં પહેલાં કારમાં જ વિસ્ફોટ થઈ ગયો અને તે કમોતે મર્યો. પહેલાં એ માનવામાં આવતું હતું કે આ હુમલાનું ષડયંત્ર મુબીને પોતે જ રચ્યું હતું અને તેને કોઈ આતંકી સંગઠન સાથે સંબંધ ન હતો, પરંતુ એનઆઈએની તપાસમાં ખબર પડી કે તેના કેટલાય બીજા સાથી આ ષડયંત્રમાં સામેલ હતા. તેમાંથી છની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમની પૂછપરછમાં ખબર પડી કે આખા દક્ષિણ ભારતમાં આતંકી હુમલા કરવાની તૈયારી હતી. મુબીન એક એન્જિનિયર હતો અને તે થોડા સમય પહેલાં પણ પોલીસની નજરમાં આવ્યો હતો. પોલીસને શંકા હતી કે તે ઈસ્લામિક સ્ટેટની એક સ્થાનિક શાખા બનાવવા માંગતો હતો. તેની પૂછપરછ પણ થઈ, પરંતુ બાદમાં તેને છોડી મૂકવામાં આવ્યો. તેના માર્યા ગયા બાદ જ્યારે એનઆઈએએ તેના ઘરે જઈને તપાસ કરી તો કેટલુંય જેહાદી સાહિત્ય મળ્યું, જેમાં જેહાદી હરકતોને ફરજ ગણાવી હતી. તે ઉપરાંત બોમ્બ બનાવવાની સામગ્રી, જેહાદી વાતોથી ભરેલી એક ડાયરી અને ૨૦૧૯માં ઈસ્ટરના દિવસે શ્રીલંકામાં આતંકી વિસ્ફોટ કરાવનાર એક જેહાદીના ૪૦ વીડિયો પણ મળ્યા. આ વીડિયોમાં જેહાદી હુમલાની તરફદારી કરવામાં આવી હતી. આ જ પ્રકારના ૧૫ વીડિયો ઝાકિર નાઈકના પણ મળ્યા. એ જ ઝાકિર નાઈક જે મલેશિયામાં છૂપાયો છે અને જેની શોધ બાંગ્લાદેશની સાથે જ ભારતને પણ છે.

કારનું બારણું ખોલી રોડ પર પાનમસાલાની પિચકારી મારો છો,
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
અપરિગ્રહ કે બ્રહ્મચર્ય ને ઠોકર મારી ઐયાશી પર જોર ને ભાર,
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
પારકું ધન ને પરાઈ નાર પાછળ પ્રગલ્ભ થાય તે વૈષ્ણવ જન કહેવાય ?
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
દેશની બેંકના બદલે કાળા નાણા સંગ્રહતી સ્વીસ બેંકમાં ખાતું,
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
જિહ્વા સત્ય ને બદલે કાયમ અસત્ય ઉચ્ચારે તે ગાંધીવાદી ગણાય?
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
મગન માધ્યમની તરફેણ ને ખુદના સંતાનો મેકોલો માધ્યમાં ભણે
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
કહેણી અને કરણીમાં અંતર હોય તે બાપુને ક્યાંથી પ્યારો હોય ?
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
નાત,જાત ધર્મની તિરાડો વધુ પહોળી કરે રાષ્ટ્ર પ્રેમી કેવી રીતે કહેવાય?
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
શિસ્ત, સ્વ નિગ્રહ, શીલ, સાદગીનો અભાવ ગાંધીવાદી પર કાયમની ચોકડી,
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
ગાંધી થવા ચંદનની જેમ કાયાને કસોટીના ખરલે સતત ઘસવી પડે,
નેતાજી હીંગના કે સૂંઠના ગાંગડે ગાંધીજી ન થવાય.
ભરત વૈષ્ણવ
૧૨.૧૧.૨૦૨૨.# કવિતા

# 'હંગર ઇન્ડેક્સમાં આપણે એકસો સાતમા નંબરે?પાકિસ્તાન આપણી કરતા કંઇ રીતે આગળ હોય??"

- રાજુ રદીનો અણિયાળો સવાલ

રાજુ રદીને આજે શૂરાતન ચડ્યું હતું. કેસરિયા કરવા નીકળેલ રાજપૂત યૌધ્ધાની જેમ મરૂં કે મારું પર ઉતરી આવ્યો હતો. તેનું લોહી બોઈલ્ડ એગ્ઝની જેમ ઉકળી રહ્યું હતું. તેની મુખમુદ્રા તપી રહેલા સોના જેવી પ્રદીપ્ત હતી.

" સાલ્લાઓ. ગદ્દારો. દેશદ્રોહીઓ. તેમને મારી મારીને અફઘાનિસ્તાન ભેગા કરવા પડશે" તે ઉશ્કેરાટથી ધ્રુજી રહ્યો હતો!!

" રાજુ શાંત થા. આમ ગુસ્સે થવાથી કોઇ સમસ્યાનો હલ ન આવે!! શાંત ચિત્તે,ઠંડા કલેજે મનોમંથન કર." મેં કહ્યું

" ગિરધરભાઇ. તમે દેશદ્રોહીની સાઇડ લેશો નહીં. હું તમારી શરમ ભરીશ નહીં . ગદારોને હાંકી કાઢો. વંદે માતરમ. ભારત માતા કી જય!!" રાજુ ખરા દેશભક્તની જેમ વર્તી રહ્યો હતો.

" રાજુ. કોથળામાં પાંચશેરી ન માર. કોણ દેશદ્રોહી છે? તેમણે શું કર્યું છે? " મેં રાજુને ફોડ પાડવા કહ્યું.

" પેલાં હંગર ઈન્ડેક્સવાળા બખડજંતરો શું સમજે છે એના મનમાં? સાલ્લાઓ આપણને શું સમજે છે? એમને એમની ઓકાત બતાવી પડશે. ૧૧૬ દેશમાંથી આપણો ૧૦૭ મો નંબર. અસંભવ . કાં તો આપણો પહેલો નંબર હોય ( કાં તો છેલ્લો નંબર હોય) વચ્ચેવાળો નંબર નહીં ફાવે!!" રાજુએ નાના પાટેકર સ્ટાઇલનાં ગુસ્સો થૂંક્યો.

" રાજુ તારો ગુસ્સો વાજબી છે. તું એમની સામે શું કરીશ?" મેં મમરો મુકયો.

"અરે એમના ઘર કે ઓફિસે ધરણા, પ્રદર્શન, ઉગ્ર દેખાવો, સૂત્રોચ્ચાર, આમરણાંત ઉપવાસ. સરફરોંશી કી તમન્ના અબ હમીરે દિલમેં હૈ. દેખિયે કાતિલોકી બાજુઓમેં કિતના દમ હૈ" રાજુ બરાબર ખીલ્યો હતો.

" રાજુ તારી પાસે જર્મન કે આઈરીશ વિઝા છે?" મેં રાજુને ચેકમેટ આપી.

"એટલે? હું સમજયો નહીં!!" રાજુ રદી બઘવાયો. સિંહ મોળો પડવા લાગ્યો.

"રાજુ તને ખબર છે કે હંગર ઈન્ડેક્સ કોણ બનાવે છે? આ ઈન્ડેક્સ ભારતની સંસ્થા બનાવતી નથી. સને ૨૦૦૬ માં પહેલો ઈન્ડેક્સ નંબર અમેરિકાની ઈન્ટરનેશનલ ફુડ પોલિસી રીસર્ચ ઈન્સ્ટિટયુટ ("ફ્રુઈ")

અને જર્મન વેલ્થહંગરલાઈફ નામની એનજીઓએ તૈયાર કરી પ્રસિધ્ધ કરેલે હતો.સને ૨૦૦૭માં આઈરીશ કન્સર્ન વર્લ્ડવાઇડ એનજીઓ જોડાઈ હતી.સને ૨૦૧૮માં અમેરિકન એનજીઓ ખસી ગઇ. હવે જર્મન અને આઈરીશ સંસ્થા હંગર ઈન્ડેકસ પ્રગટ કરે છે" મેં રાજુને ઈતિહાસ ભણાવ્યો!!

" ગિરધરભાઇ . ૨૦૨૧માં આપણો નંબર ૧૦૨ હતો. એક વરસમાં આપણે સાપસીડીની રમતમાં સાપના મોઢામાં જઈએ કે નીચે જઇએ એમ પાંચ નંબર સરકી ગયા! આપણે ૧૦૭ નંબરે પહોંચી ગયા. બાંગ્લાદેશ, શ્રીલંકા અને ભૂખડીબારસ પાકિસ્તાન આપણી આગળ લા હૌલ કુલાવત!! તૌબા તૌબા લ્યાનત છે !!આપણી પાછળના દેશોના નામ જાહેર કરવા જોઇએ!!રાજુએ તર્ક રજૂ કર્યો.

" રાજુ. હંગર ઈન્ડેકસમાં પાંચ વરસ સુધીના બાળકોના અતિ કુપોષણથી પોષણ માટે માર્ક આપવામાં આવે છે. દેશમાં ઉત્તરોત્તર બમ્પર પાક થાય છે સરકારી ગોડાઉનોમાં કરોડો ટન અનાજ બરબાદ થાય છે. ખુલ્લામાં અનાજ રાખવાથી વરસાદમાં સડી જાય છે, બીજી બાજુ બાળકો સહિત લોકો અનાજ માટે ટળવળે છે!! આપણે માણસ દીઠ પચાસ કિલો લેખે છ લાખ કરોડ ટન ખોરાકનો બગાડ કરીએ છીએ.આપણા કરતા ચીન માથાદીઠ એકસઠ કિલો ખોરાકનો બગાડ કરે છે તો પણ તેનો નંબર આપણા કરતાં આગળ છે. મેં રાજુને વધુ વિગતો આપી.

" ગિરધરભાઇ . આપણા દેશમાં નવસો રૂપિયાના પિત્ઝા, નવસો રૂપિયાની કાજ કતરી ,ત્રણસો રૂપિયાના બરફગોળા,પચાસ -સાંઠ વ્યંજનોની સાડા ત્રણ હજારની કિફાયતી જનતા થાળી, દુકાનો, મોલમાં અન્નકૂટનો ટક્કર મારે તેટલી એક એકથી ચડિયાતી વાનગીઓ મળતી હોય તો કેવી રીતે કુપોષિત કહેવાય?લગ્નોમાં એટલો ખોરાકનો બગાડ થાય તેમાં ઈથોપિયા ધરાઈને ખાઇ લે!!" રાજુએ ખાદ્ય જગતની બલિહારી સમજાવી.

" રાજુ. આપણે ત્યાં ભૂખ કરતાં ઉપવાસનું માહાત્મ્ય છે.એકાસણા, ઉપવાસ, નિર્જળા ઉપવાસ, માસક્ષમણ, આયંબિલ,અગાઉ,રોજા વગેરે ભૂખ પર વિજય મેળવવાની આધ્યાત્મિક કોશિશ છે. આપણે ભૂખ હોય તેના કરતાં ઓછું ખાવાની પરંપરા છે. "મેં ભૂખ સામેની ગોરીલા લડાઈની જાણકારી આપી.

"આજકાલના છોકરાંવ આળવીતરી વેજા છે. માએ આપેલ દૂધ-રોટલી ડસવી નથી ને ડોઝરા કુરકુરે,બીંગોથી ભરવા છે.બોર્નવીટા,હોર્લિકસ, પ્રોટિનેકસ એનર્જી ડ્રિંક્સ, કાર્બોનેટેડ ડ્રિંક્સ ટટકારે એ કુપોષિત કયાંથી રહે ? યંગ જનરેશનની હાર્ટ થ્રોબ એવી હીરોઇન કે મોડેલ જુવાનીના જલવા શાશ્વત રાખવા ઝીરો ફિગર મેઈનટેઈન કરવા ખોરાક લેવાના બદલે સલાડ,લો કોલેરી ડ્રિંક્સ,સિગારેટ, ચા- કોફી પર રહે છે. સ્વેચ્છાએ ભૂખે રહેનાર કુપોષિત થોડી કહેવાય?રાજુ રદીએ પોષણ - કુપોષણ અંગે સોલિડ તર્ક આપ્યો. " રાજુ. હકીકત કંઇ જુદી છે. હંગર ઈન્ડેકસવાળાની કહીંપે નિગાહે કહીંપે નિશાના છે. લુકીંગ ટુ લંડન ટોકીંગ ટુ ટોકિયો છે.આપણે વિશ્વ સત્તા બનીએ એ ધોળિયાથી સહન થતું નથી. પાંચ લાખ ટ્રિલિયન ઈકોનોમી તો જર્મની કે આઈરીશની નહીં હોય એટલે આપણા પર જલે છે. વિશ્વગુરૂં સામે ધૂળ ઉડાડે છે.આપણા સાહેબના વખાણ કરે એ વિદેશી નેતા ,અભિનેતા,સંસ્થા, મિડિયા, એ જ જેન્યુન છે. સાહેબના છોતરા કાઢે એ તમામ દેશદ્રોહી, પછી આપણા દેશના નાગરિક હોય કે ન હોય.આપણે વિતરાગી એ લોકો રાગી, આપણે યોગી એ લોકો ભોગી! વાસ્તવમાં , દ્રાક્ષ અને રૂદ્રાક્ષ વચ્ચેની કશ્મકશ છે. આપણા લોકો ઈન્ટરનેશનલ પબ્લિસિટી માટે ભૂખ્યા છોકરાં, ઉકરડામાંથી ખોરાકના અવશેષો શોધતા છોકરાં, હડી-પસલી એક હોય તેવા છોકરાંના ફોટા વિદેશી ગ્લોસી મેગેઝિનમાં છપાવી ફંડ મેળવવા કે એવોર્ડ મેળવવા કાવતરાં કરે છે!!!" મેં રાજુને કહ્યું

હંગર ઈન્ડેકસમા આપણી પાછળ રહેલાં દેશોના નામ શોધી તેને બદનામ કરવા રાજુ રાફેલ સ્પીડે પૃથ્વીના પરિભ્રમણ કરવાના ઈરાદા સાથે મારા ઘરમાંથી ટેઇક ઑફ થયો!!

ભરત વૈષ્ણવ
૧૨.૧૧.૨૦૨૨.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની ૫મી 'વંદે ભારત ટ્રેન'ને લીલી ઝંડી બતાવી રવાના કરી

## દક્ષિણ ભારતની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન બેંગલુરુ થઈને મૈસૂર અને ચેન્નાઈ વચ્ચે દોડશે.

બેંગ્લુરૂ,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દક્ષિણ ભારતના ૪ રાજયોના બે દિવસીય પ્રવાસ પર આજે પહોંચ્યા છે અને આ દરમિયાન તેઓ ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે. દરમિયાન મોદીએ આજે સવારે બેંગલુરુના કેએસઆર સ્ટેશનથી દક્ષિણ ભારતની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ સાથે તેઓ ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને પણ લીલી ઝંડી બતાવશે.




આ પહેલા પીએમ મોદી શુક્રવારે સવારે બેંગલુરુના એચએએલ એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, મુખ્ય પ્રધાન બસવરાજ બોમાઈ, ઘણા કેબિનેટ સભ્યો, કેન્દ્રીય પ્રધાન પ્રહલાદ જોશી, ભારતીય જનતા પાર્ટી રાજ્ય એકમના અધ્યક્ષ નલિન કુમાર કાતિલ, ભાજપ સંસદીય બોર્ડના સભ્ય બીએસ યેદિયુરપ્પા, પાર્ટીના ધારાસભ્યો અને અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું.ત્યારબાદ વડાપ્રધાન મોદી ક્રાંતિવીર સંગોલી રાયન્ના રેલવે સ્ટેશન ગયા અને ત્યાં તેમણે મૈસૂર-ચેન્નઈ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી હતી.આ દેશની પાંચમી અને દક્ષિણ ભારતની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન છે. અહીંથી પીએમ મોદીએ ભારત ગૌરવ કાશી દર્શન ટ્રેનને પણ લીલી ઝંડી બતાવી હતી. જે રેલવેની ભારત ગૌરવ ટ્રેન નીતિ હેઠળ કર્ણાટકના મુઝરાઈ વિભાગ દ્વારા ચલાવવામાં આવશે. સાઉથ વેસ્ટર્ન રેલવેના જણાવ્યા અનુસાર, "તે કાશીની મુસાફરી કરવા ઈચ્છતા ઘણા પ્રવાસીઓનું સપનું પૂરું કરશે."આ પહેલા પીએમ મોદીએ વિધાનસૌધા સંકુલમાં સંત-કવિ કનક દાસ અને મહર્ષિ વાલ્મિકીની પ્રતિમાઓ પર પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના પ્રવાસની શરૂઆત કરી હતી. સંત કવિ કનક દાસની આજે જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે.

# યુપીમાં ઓનર કિલિંગઃ ૪ ભાઈઓએ બહેન અને તેના પ્રેમીની હત્યા કરી

મેરઠ,તા.૧૧

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં ઓનર કિલિંગની એક ઘટના બની છે. ચાર ભાઈઓએ એક ૨૫ વર્ષીય મહિલા અને તેના પ્રેમીની તેના હત્યા કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. આ દંપતી અસરા ગામના હતા. પોલીસે કેસ દાખલ કરીને તપાસ ચાલુ કરી હતી. બાગપત જિલ્લાના એસ પી નીરજ કુમાર જાદૌને જણાવ્યું હતું કે ગામમાંથી બાતમી મળતા તેઓ સ્થળ પર પહોંચ્યા હતા અને મુખ્ય આરોપી ૩૨ વર્ષીય મુર્સલીનને કસ્ટડીમાં લીધો હતો.પૂછપરછ દરમિયાન તેને બહેન અને તેના પ્રેમીની હત્યા કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે અન્ય આરોપી શાહનવાઝને પણ કસ્ટડીમાં લીધો છે જ્યારે બાકીના બે ભાઈઓને પકડવા માટે શોધખોળ ચાલુ છે. પોલીસે જણાવ્યું હતું કે મુર્સલીનને કબૂલાત કરી હતી કે તેને ચાર ભાઈઓએ સાથે મળીને તેની બહેન મહજબી (૨૫) અને તેના પ્રેમી મોહમ્મદ આરીફ (૨૯)ની હત્યા કરી હતી. મહજબી ત્રણ સંતાનોની માતા હતી.આરોપીઓએ પોલીસને જણાવ્યું કે થોડા વર્ષો પહેલા શામલી ગામના અન્ય વ્યક્તિ સાથે મહજબીના લગ્ન થયા પછી પણ આ દંપતીએ તેમના રિલેશન ચાલુ રાખ્યા હતા. મહજબી અને આરીફ ૨૦ ઓક્ટોબરના રોજ ગામમાંથી ભાગી ગયા હતા અને ત્યારથી જ તેમના પરિવારના સભ્યો પોલીસ સાથે મળીને તેમને શોધી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે મુર્સલીનને ખબર પડી કે દંપતી મેરઠમાં છે. તે, તેના ભાઈઓ - મુઝમ્મિલ, અરમાન, મુન્તઝીર અને તેના પિતરાઈ ભાઈ શાહનવાઝ સાથે મેરઠ પહોંચ્યો અને બંનેને કેદમાં રાખ્યા હતા.

## હિમાચલમાં આજે મતદાન

# ૪૧૨ ઉમેદવારોનું ભાવી મતદારો નક્કી કરશે,ચુંટણી પંચ દ્વારા તૈયારીઓ પુરી

### દર ચોથા ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ, ૫૦ ઉમેદવારો સામે હત્યાના કેસ

શિમલા,તા.૧૧

હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન થવાનું છે અને તે પહેલાં આકમક પ્રચાર યુદ્ધનો અંત આવી ગયો છે અને આવતીકાલે મતદાન માટે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ વખતે હિમાચલ પ્રદેશના ચૂંટણી મેદાનમાં કુલ ૪૧૨ જેટલા ઉમેદવારો છે અને મહત્વની વાત એ છે કે દર ચોથા ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ ચાલી રહ્યો છે અને ભાજપ કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી ત્રણેયમાં કલંકિત ઉમેદવારો મેદાનમાં છે અને પોતાનુ નસીબ અજમાવી રહ્યા છે. ઉમેદવારો અંગેના અહેવાલમાં એવી માહિતી પણ આપવામાં આવી છે કે ૫૦ ઉમેદવારો તો એવા છે જેમની સામે હત્યા જેવા ગંભીર ક્રિમિનલ કેસ પણ નોંધવામાં આવ્યા છે અને આવા લોકો ચૂંટણીના મેદાનમાં ઊભા છે અને તેમના વિશે જનતા કેવો ચુકાદો આપે છે તે જોવું રસપ્રદ બનશે. હિમાચલ પ્રદેશમાં આવતીકાલે મતદાન સાથે જ તમામ રાજકીય પક્ષોનું ભાવી કેદ થઈ જશે




અને ભાજપ ફરીવાર સત્તામાં આવવામાં સફળ રહે છે કે નહીં અને કોંગ્રેસ તેને ઉખાડવામાં ફાવે છે કે નહીં તે જોવું રસપ્રદ બનશે જો કે અહીં પણ ગુજરાતની જેમ જ આમ આદમી પાર્ટી કોંગ્રેસના મત માં વિભાજન કરાવશે માટે ભાજપને સીધો ફાયદો થશે તેમ નિષ્ણાંતો માની રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશમાં ૫૫ લાખથી થોડા વધુ મતદારો નોંધાયેલા છે, જેમાંથી ૨૭ લાખ ૮૦ હજાર પુરૂષ અને ૨૭ લાખ ૨૭ હજાર મહિલાઓ છે. રાજયમાં સરકારી નોકર મતદારોની સંખ્યા ૬૭ હજાર ૫૩૨ છે, જ્યારે ૮૦ વર્ષથી વધુ ઉંમરના ૧.૨૨ લાખ મતદારો છે. આ પહાડી રાજયમાં ૧૧૮૪ મતદારો છે, જેમની ઉંમર ૧૦૦ વર્ષથી વધુ છે.હિમાચલ પ્રદેશમાં રિપબ્લિક પી-માર્ક સર્વે અનુસાર ભાજપની સરકાર બની રહી છે. આ સર્વેમાં ભાજપને ૩૭થી ૪૫ બેઠકો મળવાનું અનુમાન વ્યક્ત કરાયુ છે. આ સિવાય કોંગ્રેસને ૨૨થી ૨૮ બેઠકો અને આપને માત્ર એક સીટ મળવાનો અંદાજ છે. એબીસી સી-વોટરના સર્વે અનુસાર, હિમાચલમાં બીજેપી અને કોંગ્રેસ વચ્ચે મામલો ૫૦-૫૦ જોવા મળી રહ્યો છે.

# ઉદયપુરમાં નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટનું આયોજન થશે

## ૧૬ રાજયોના ૩૦૦ ખેલાડીઓ ભાગ લેશે

ઉદયપુર,તા.૧૧

ઉદયપુરમાં પહેલીવાર નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચેમ્પિયનશિપનું ૨૭ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૧૬ રાજયોની ૧૬ ટીમોના ૩૦૦ વ્હીલચેયર્સ ક્રિકેટર્સ ભાગ લેશે.આ ચેમ્પિયનશિપ દર્શકો માટે પણ ખુબ જ રોમાંચક અને પ્રેરણાસ્રોત બની રહેશે કારણ કે આ ટુર્નામેન્ટમાં વ્હીલચેયર પર બેઠેલા ક્રિકેટરને બોલ રોકવા માટે હવામાં ડાઇવ કરતા જોઇએ શકાશે

આ ચેમ્પિયનશિપ નારાયણ સેવા સંસ્થાન,ડિફરેન્ટલી એબલ્ડ ક્રિકેટ કાઉસિલ ઓફ ઈન્ડિયા અને વ્હીલચેયર ક્રિકેટ ઇન્ડિયા એસોસિએશનના સંયુકત ઉપક્રમે થયું છે.ખાસ વાત એ છે કે વિશ્વ સ્તર પર આવું આયોજન પહેલીવાર થઇ રહ્યું છે અને વ્હીલચેયર ક્રિકેટ ચેમ્પિયનશીપમાં આટલી ટીમો અને આટલા ખેલાડી એક સાથે રમતા જોવા મળશે

નારાયણ સેવા સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલે જણાવ્યું હતું કે આ ચેમ્પિયશીપમાં હિમાચલ પ્રદેશ,પંજાબ, દિલ્હી, આંધ્રપ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ ઉત્તરપ્રદેશ મધ્યપ્રદેશ છત્તીસગઢ વડોદરા રાજસ્થાન ગુજરાત મુંબઇ કર્ણાટક તમિલનાડુ તેલંગણાની કુલ ૧૬ ટીમોના ૩૦૦ વ્હીલચેયર ક્રિકેટર્સ ભાગ લેશે આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે વિવિધ ક્ષેત્રોના ૧૦૦થી વધુ ક્રિકેટ નિષ્ણાંતો અને અધિકારી પોતાનું યોગદાન આપવા માટે અહીં આવશે

ડિફ્રેટલી એબલ્ડ ક્રિકેટ કાઉસિલ ઓફ ઇન્ડિયાના સચિવ રવિકાંત ચૌહાણે જણાવ્યું હતું કે આ તૃતીય નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચૈમ્પિયનશિપ રાજસ્થાનમાં પહેલીવાર યોજાઇ રહી છે.આ ચેમ્પિયનશિપમાં ૨૧ લીગ મેચ,બે સેમીફાઇનલ અને ફાઇનલ મેચ યોજાશે આ તમામ મેચો એક જ જગ્યાએ યોજાશે ૧૬ ટીમોને ચાર ગ્રુપમાં વિભાજીત કરવામાં આવી છે. આ ચેમ્પિયનશીપની તમામ મેચ ડબોક ખાતે નારાયણ દિવ્યાંગ સ્પોટ્ર્સ એકેડમી,સુરજપોલ સ્થિત રાજસ્થાન કૃષિ મહાવિદ્યાલય અને રાણા પ્રતાપ નગર સ્ટેશનની નજીક આવેલ ઉત્તર પશ્ચિમ રેલવેના ગ્રાઉન્ડમાં રમાશે જેમાં વિનર ટીમને અઢી લાખ,ફર્સ્ટ રનરઅપ ટીમને દોઢ લાખ અને બંન્ને સેમીફાઇનલની ઉપ વિજેતા ટીમોને ૫૦-૫૦ હજાર રૂપિયાનું રોકડ ઇનામ આપવામાં આવશે અહીં મેચ જોવા આવનારાઓને મફતમાં પ્રવેશ આપવામાં આવશે.રવિકાંત ચૌહાણે વધુમાં કહ્યું હતું કે નેશનલ વ્હીલચેયર ક્રિકેટ ચેમ્પિયનશીપ ત્રીજીવાર આયોજીત કરવામાં આવી રહી છે પરંતુ નારાયણ સેવા સંસ્થાનના સહયોગથી પહેલીવાર એવું થઇ રહ્યું છે કે અમે વ્હીલચેયર ક્રિકેટર્સને તેમના અનુસાર તમામ વ્હીલચેયર ફ્રેંડલી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકીશું આ ટુર્નામેન્ટમાં એક આઇએલ ફ્રેચાઇજી રાજસ્થાન રોયલ્સ પણ જોડાઇ રહી છે જે વ્હીલચેયર ક્રિકેટને ખુબ આગળ લઇ જશે.નારાયણ સેવા સંસ્થાનના મીડિયા પ્રભારી વિષ્ણુ શર્મા હિતૈશીએ કહ્યું હતું કે ચેમ્પિયનશિપના સફળ આયોજન માટે તમામ જરૂરી તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. નારાયણ સેવા સંસ્થાનના બડી સ્માર્ટ વિલેજમાં ક્રિકેટર્સ અને બહારથી આવનારા નિષ્ણાંતો અને અધિકારીઓના આવાસ અને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG સાહિત્ય સરિતા પરિવાર
NOG NO. S.S. 0059
વિષય:શબ્દ:'વીરતા પરમો ધર્મ'.
પ્રકાર :ગદ્ય- લેખ.

શીર્ષક: 'વીરતા એજ ધર્મ'.
શબ્દો:૩૪૫.
©જયકાન્ત ઘેલાણી- 'પ્યારે'.

'વીરતા' શબ્દ ફક્ત લડાઈ કે યુધ્ધનોજ અર્થ નથી જણાવતો પણ તે ધણાં વિસ્તૃત અર્થ ને સમજાવવાની અદમ્ય તાકાત ધરાવેછે.

'વીરતા' શબ્દ શૌર્ય ને ઉજાગર કરેછે તો 'ધર્મ' શબ્દ સામાજીક ફરજ ને ઉજાગર કરેછે.ઉપરના બન્ને શબ્દોનૂ સમીકરણ એક અકલ્પનિય વિશેષ અર્થ સભર શબ્દ એટલે કે,

'વીરતા પરમો ધર્મ' બનતા,

તે એક નવો દીશા સૂચક શબ્દ બની રહેછે.

વિવિધ પ્રવૃતિ દ્વારા ધર્મ થઈ શકેછે, પછી તે કર્મકાંડ સાથેની વીધી હોયકે તપની !

આર્થિક મદદની હોયકે સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા ચાલતી વિવિધ સેવા પ્રવૃતી, કે પછી મેડીકલ રાહતની હોય કે શિક્ષણ ની ?

'દરેક સેવા એજ ધર્મ'.

ધર્મશોભેછે ?, હંમેશા વિરતા ભર્યો ! રાત-દિવસ,

ઠંડી-ગરમી કે વરસાદ,

સ્થળ- પાણી કે આકાશની પરવા કર્યા વગર સતત ૨૪×૭ કલાક સત્ય સાથે વીરતાભરી માતૃભૂમિની રક્ષા કરતા દેશના જવામર્દ જવાનોની, જાન ના જોખમ સાથે સતત અવિરત દેશ ભાવના જે સત્યસાથેની વિરતાના દર્શન કરાવેછે. જે ધર્મનો શ્રેષ્ઠ પ્રકાર છે.

આજની ભૌતિકવાદની ધન પાછળની માનવદોડ સમયે ,

લાંચ,રીશ્રૃવતની કાતિલ હોડ વચ્ચે પણ ,જે સત્ય, પ્રમાણિકતા સાથે,પોતાની રાષ્ટ્રભાવના સાથે પોતાની ફરજ બજાવેછે તે ડોકટર, સેવા આપતી નર્સરી સેવા, પ્રમાણિકતા સાથેનો વેપાર અને નોકરી નિભાવેછે તે પણ એક ઉતમ વીરતાજ છે.

પહેલાના જમાનામા ગામને લૂંટવા આવેલા ચોર- ડાકૂઓ સામે ગામને બચાવવા અથવા બ્હેન-દીકરી ની ઈજ્જત બચાવવા પોતાનો જાન આપનારની સમાધી- પાળિયા

ખાંભી બનાવી તેની શહાદતને કાયમી યાદી રૂપે બનાવતા તેવીજ રીતે નાના બાળકો યૂવાનો તેમજ ભાઈ- બ્હેનોની શહાદત ને યાદ રાખવા માન સન્માન આપી હમેશ માટે તેની શહાદતને દીપાવેછે.

આજછે વીરતાની કદર !

જીવનમાં જ્યારે પણ સારા કાર્ય માટે તક મળે ત્યારે હમેશા વીરતા બતાવવા મોખરેજ રહો.

આજે આપણોદેશ ખોટી ધર્માંધતા ના વિષમ ચક્રવ્યુહમા ફસાઈ રહ્યોછે તેવા વિષમ સમયે સમજદારીભરી વિરતા- જાગૃતતા, વિશેષ ને વિશેષ જરૂરી રહેછે.

રાષ્ટ્રભાવના જાગૃત કરી દેશહિતને

પ્રાધાન્ય આપી વિરતા સાથે દેશહિતમા આપણુ ઉમદા યોગદાન વિરતા સાથે આપવા કમર કસો.

'જય જવાન જય કિશાન'

નો નારો ફરી ગૂંજતો કરી રાષ્ટ્રીય ભાવના, વિરતા સાથે બૂલંદ કરીયે..

વિચાર વિનય વીરતા નો સંયોગ થાય તો , તે 'સોનામાં સૂગંધ મળ્યાથી'પણ વિશેષ

આનંદ દાયક ઘટના બની રહેછે.

©જયકાન્ત ઘેલાણી 'પ્યારે'..

## ગુજરાત કોંગ્રેસે બીજી યાદી જાહેર: ૪ મુસ્લિમોને ટિકિટ આપી? ભાજપની યાદીમાં એકપણ મુસ્લિમ ચહેરો નહિ

અમદાવાદ,તા.૧૧

સગુજરાત વિધાનસભા ચૂંટણીનો માહોલ જામી ગયો છે. ભાજપની યાદી બાદ ગુજરાત કોંગ્રેસે મોડી રાતે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. ભારતીય જનતા પાર્ટીએ ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. ભાજપે ઘણા વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કાપી નાખતા ક્યાંક વિરોધના સૂર પણ સામે આવી રહ્યાં છે. ગુજરાત કોંગ્રેસે ગત મોડી રાતે ૪૬ ઉમેદવારો સાથેની બીજી યાદી જાહેર કરી છે.

આ સાથે ગુજરાત કોંગ્રેસે કુલ ૮૯ ઉમેદવારોના નામની જાહેરાત અત્યાર સુધી કરી છે. જેમાં જામખંભાળિયા બેઠક પર દિગ્ગજ નેતા વિક્રમ માડમને રિપીટ કરાયા છે.

તો લલિત વસોયા, અમરિશ ડેર, પ્રતાપ દૂધાત, પરેશ ધાનાણી જેવા ફાયરબ્રાન્ડ ધારાસભ્યોને કોંગ્રેસે પણ રિપીટ કર્યાં છે. આ સાથે જ કોંગ્રેસ અનેક ધારાસભ્યોને રિપીટ કર્યાં છે.

ગુજરાત કોંગ્રેસના ઉમેદવારોની બીજી યાદીમાં ૪ મુસ્લિમોને ટિકિટ આપી છે. પરંતુ ભાજપની યાદીમાં એક પણ મુસ્લિમને ટિકિટ આપવામાં આવી નથી. કોંગ્રેસે અબડાસા, વાંકાનેર, વાગરા અને સુરત પૂર્વમાં મુસ્લિમ ઉમેદવાર ઉતર્યા છે. અબડાસામાં મમદભાઈ જુંગ કોંગ્રેસના ઉમેદવાર બનાવાયા છે, જ્યારે વાંકાનેરમાં ધારાસભ્ય મોહમ્મદ જાવેદ પીરઝાદાને રિપીટ કરાયા છે. વાગરાથી સુલેમાન પટેલ અને સુરત પૂર્વથી અસલમ સાયકલવાલા ઉમેદવારને મેદાન ઉતાર્યા છે.

કોંગ્રેસે સૌરાષ્ટ્રની બેઠક ઉપર સૌરાષ્ટ્રના તમામ ૧૭ ધારાસભ્યોને કોંગ્રેસે રિપીટ કર્યા છે તો દક્ષિણ ગુજરાતના ૫ ધારાસભ્યો પૈકી ૪ ને રિપીટ કરાયા છે. દસાડાથી નૌશાદ સોલંકી, ચોટીલાથી ઋત્વિક મકવાણા, ટંકારાથી લલિત કગથરા, વાંકાનેરથી મોહમ્મદ જાવેદ પીરજાદા રિપીટ ધોરાજીથી લલિત વસોયા, કાલાવડથી પ્રવીણ મુછડીયા, જામજોધપુરથી ચિરાગ કાલરીયા રિપીટ ખંભાળિયાથી વિક્રમ માડમ, જુનાગઢથી ભીખાભાઈ જોશી, માંગરોળથી બાબુભાઈ વાજા રિપીટ સોમનાથથી વિમલ ચુડાસમા, ઉનાથી પુંજાભાઈ વંશ, અમરેલીથી પરેશ ધાનાણી રિપીટ કરાયા લાઠીથી વિરજીભાઈ ઠુંમર, સાવરકુંડલાથી પ્રતાપ દુધાત, રાજુલાથી અમરીશ ડેર અને તળાજા થી કનુભાઈ બારૈયા રિપીટ કર્યા છે.

કોંગ્રેસની આ યાદીમાં ૧૨ પાટીદારોનો સમાવેશ થાય છે અને જ્ઞાતિ જાતિના સમીકણો આ પ્રમાણે છે ૧૨ પાટીદાર ઉમેદવાર,૪ મુસ્લિમ ઉમેદવાર,૬ કોળી ઉમેદવાર,૩ કોળી પટેલ ઉમેદવાર,૩ દલિત ઉમેદવાર,૭ આદિવાસી ઉમેદવાર,૨ બ્રાહ્મણ ઉમેદવાર,૧ જૈન ઉમેદવાર,૩ ક્ષત્રિય ઉમેદવાર,૩ આહીર ઉમેદવાર,૧ ઓબીસી ઉમેદવાર૧ મરાઠી ઉમેદવાર છે

## વિવાદમાં રહેલા વિપુલ ચૌધરી આપના ઉમેદવાર તરીકે ઋષિકેશ પટેલ સામે ચૂંટણીના મેદાને જંગમાં!

મહેસાણા,તા.૧૧

ગુજરાતમાં ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઇ ગયુ છે.

રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરવાનું શરૂ કરી દીધું છે ત્યારે વિપુલ ચૌધરી વિસનગર બેઠક પરથી આપમાંથી ચૂંટણી લડશે.

અર્બુદા સેનાના મહેસાણા જિલ્લાના મહામંત્રી રાજુ ચૌધરીએ આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે વિપુલ ચૌધરી વિસનગર બેઠક પરથી ચૂંટણી લડશે.

વિપુલ ચૌધરીએ ચૂંટણી લડવાની જાહેરાત કરતા જ ઉત્તર ગુજરાતના રાજકારણમાં ગરમાટો આવી ગયો છે.

કારણ કે વિપુલ ચૌધરી છછઁમાંથી ઉમેદવાર છે તો ભાજપમાંથી વર્તમાન આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ મેદાનમાં છે ભારતીય જનતા પાર્ટીએ વિસનગર વિધાનસભા સીટ પર ત્રણ ટર્મથી વિજેતા થતા ઋષિકેશ પટેલને ચોથી વાર રિપીટ કર્યા છે.

વિપુલ ચૌધરીએ ચૂંટણી લડવાની જાહેરાત કરતા વિસનગર બેઠક પર નવા સમીકરણ સર્જાયા છે.

વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં ઋષિકેશ પટેલને ૬૩,૧૪૨ અને કોંગ્રેસના બબલદાસ પટેલને ૩૩,૩૦૪ મતો મળ્યા હતા.

વર્ષ ૨૦૧૨ ની ચૂંટણીમાંઋષિકેશ પટેલને ૭૬,૧૮૫ અને કોંગ્રેસના ભોળા પટેલને ૪૬,૭૮૬ મતો મળ્યા હતા.

વર્ષ ૨૦૧૭ માં ઋષિકેશ પટેલને ૭૭,૪૯૬ અને કોંગ્રેસના મહેશ પટેલને ૭૪,૬૪૪ વોટ મળ્યા હતા.

ત્યારે આ વખતે ત્રીજી પાર્ટી તરીકે આપમાંથી પણ ઉમેદવાર મેદાનમાં ઉતારવામાં આવ્યા છે ત્યારે અહીં ત્રિપાંખિયો જંગ થશે.

દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેનનો ચૌધરી સમાજના મતદારો પર પ્રભાવ છે.

જેમાં ચૌધરી સમાજના પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં મતદારો છે. પાટણમાં રાધનપુર ખેરાલુ, મહેસાણા ,વિસનગર, વિજાપુર બેઠક પર અસર કરી શકે. આ વિસ્તારમાં ચૌધરી સમાજના અંદાજે ૭ લાખ જેટલા મતદારો છે

## ખીચડી જમો અને જમાડો

થોડાં વર્ષો પહેલાં પ્રાચીન ભારતની વિરાસતમાં રસ પડ્યો. પ્રકૃતિને ખૂબ નજીકથી જોવા અને સમજવા લાગ્યા. વિશ્વમાં જંકફૂડ અને ફાસ્ટફૂડનો વધેલો વ્યાપ અને તેને કારણે થતા નુકસાનને લીધે દિલ દ્રવી ઊઠ્યું. ભારતીય ખાણીપીણી સંસ્કૃતિનો અભ્યાસ કર્યો. ખીચડી એક એવી વાનગી છે જે અનેક રીતે વિશિષ્ટ છે. નાના હતા ત્યારે ખીચડી ખાતા, પરંતુ ખીચડીમાં આટલી બધી શક્તિ છે કલ્પના નહોતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર ગોલકિયા સાહેબ સાથે મળીને ખીચડી અંગે ખાંખાંખોળાં કર્યાં . આગળ જતા વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી સાથે રહીને ખીચડી ઉપર સંશોધન કર્યું. કે, ખીચડી ગરીબ કે બિચારી નથી, એ તો મોટો વૈભવ છે.

૧૦ હજાર વર્ષ પહેલાં ખીચડી હતી. આયુર્વેદ, ઋષિ-મુનિઓ પણ ખીચડીની હિમાયત કરતા. મગ અને ચોખા બંને અત્યંત પવિત્ર અને શક્તિશાળી ધાન્ય છે.

ખીચડી એ શુકનવંતો આહાર છે. ખીચડી માના દૂધ જેવી પવિત્ર છે. દેવ અને દેવીઓને પણ ખીચડી વહાલી છે. તેના અપાર અને અમાપ ગુણ છે. એ માત્ર ચાર કલાકમાં ડાયજેસ્ટ થઈ જાય છે. ખીચડી ખાવાથી મન પણ નિર્મળ થાય છે. આપણા ત્યાં કહેવત છે કે જેવું અન્ન, તેવું મન.

મગ-ચોખાની બનેલી ખીચડી માં ગાયનું ઘી ઉમેરીને ખાવાથી શરીર અને મનને મોટો ફાયદો થાય છે.

કહે છે કે, ભારતમાં જો જંકફૂડને બદલે ખીચડીનું પ્રચલન કરવામાં આવે તો ભારતની અનેક સમસ્યાઓ ઉકલી જાય. માંદગી ઘટી જાય. લોકોનાં તન અને મન સ્વસ્થ થાય. આત્મહત્યાઓ ઘટી જાય.

બ્રહ્મ ખીચડીમાં વિવિધ પ્રકારનાં શાકભાજી હોય છે જે ખવૈયાને ભોજનના સંતોષની અનુભૂતિ કરાવે છે. અહીં ફુદીના ખીચડી જે ઘણા રોગો મટાડે છે. ડુંગરી ની ખીચડી મોટાઓ ને તથા બાળકો ખીચડી તરફ આકર્ષાય તે માટે ચીઝ ખીચડી નું સંશોધન કર્યું.

આપણી અનેક વાનગીઓ વિશિષ્ટ છે. દેશી હાંડવો ૫૦૦ વર્ષ જૂનો છે. અનેક ચટણીઓ ૧૦૦-૧૫૦ વર્ષ જૂની છે. આ બધાં પોષક તત્વોનો ભંડાર છે. તેમનું કહેવું છે કે, ખીચડીમાં તો ૧૬ પ્રકારનાં પોષક તત્વો હોય છે. તેમાં એનર્જી (૨૮૦ કેલેરી), પ્રોટીન (૭.૪૪ ગ્રામ), કાર્બોહાઈડ્રેટ (૩૨ ગ્રામ), ટોટલ ફેટ (૧૨.૬૪ ગ્રામ), ડાયેટરી ફાઈબર (૮ ગ્રામ), વિટામીન એ (૯૯૪.૪ આઈયુ) વિટામીન બી ૬ (૦.૨૪ મિલી ગ્રામ), વિટામીન સી (૪૬.૩૨ મિલી ગ્રામ), વિટામીન ઈ (૦.૩૨ આઈયુ), કેલ્શિયમ (૭૦.૩૨ મિલી ગ્રામ), આર્યન (૨.૭૬ મિલિ ગ્રામ), સોડિયમ (૧૦૧૫.૪ મિલી ગ્રામ), પોટેશિયમ (૭૫૩.૬૪ મિલી ગ્રામ), મેગ્નેશિયમ (૭૧.૧૨ મિલી ગ્રામ), ફોસ્ફરસ (૧૩૮.૩૨ મિલી ગ્રામ) અને જીંક (૧.૧૨ મિલી ગ્રામ) હોય છે.

ખીચડી માટીના વાસણમાં બનાવવામાં આવે તો તેની ગુણવત્તા અને સ્વાદ વધી જાય છે તેવું કહેવાય છે. જૂના કાળમાં લોકો માટીના વાસણમાં જ ખીચડી બનાવતા હતા.

તૈતરિય ઉપનિષદ ના એક શ્લોકનો હવાલો કહે છે કે, અન્ન બ્રહ્મ છે કારણ કે, અન્નથી જ દરેક પ્રાણી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયા પછી અન્નથી જ તે જીવિત રહે છે અને છેલ્લે મરણ પશ્ચયાત પણ અન્નમાં જ પ્રવેશ કરી જાય છે.

ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, મનુષ્યના શરીરમાં હું જઠરાગ્નિ સ્વરુપે વસુ છું. તેમણે એમ પણ કહ્યું છે કે, આયુષ્ય, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર, સડો ન થાય અને સ્થિર રહે તેવો, હ્રદયને વલોપાત ન કરાવે તેવો, રસાવાળો, ચીકાશવાળો હોય તેવા આહારના પદાર્થો સાત્વિક મનુષ્યોને પ્રિય હોય છે. આપણી ખીચડીમાં આ બધા ગુણ સામેલ છે.

એ સમય ખૂબ ઝડપથી આવશે કે લોકો અન્ન એ જ બ્રહ્મ છે એ સનાતન સત્યને સમજીને પાછા ભારતીય ખાણીપીણી તરફ પાછા વળશે.

ખીચડી તેમાં સર્વોત્તમ છે એટલે લોકો ચોક્કસ ખીચડીમય બનશે. અને એ વખતે લોકોનું સ્વાસ્થ્ય સુધરશે. ભલે આપણે અત્યારે ખીચડીને ભૂલી ગયા છીએ પણ દેશ-વિદેશના અનેક વ્યંજનો કરતાં આપણી આ ખીચડી હજારો ગણી ચડિયાતી છે.

એક બાજુ કરોડો યુવાનો રોજ ફાસ્ટફૂડ ખાઈને પોતાનું આરોગ્ય બગાડી રહ્યા છે અને બીજી બાજુ તેઓ ખીચડી જેવા પરમ ખોરાકથી દૂર રહીને મોટું નુકસાન પણ વેઠી રહ્યા...!!

આજ થી જ ચાલુ કરો..ખીચડી

## માતરમાંથી ટિકિટ કપાતા કમળ છોડીને કેસરીસિંહે પકડ્યું આપનું ઝાડું

અમદાવાદ,તા.૧૧

ગત રોજ ભાજપે ૧૬૦ ઉમેદવારની યાદી જાહેર કરી છે . ત્યારથી જેમની ટિકિટ કપાઈ છે તેવા ધારાસભ્યોએ ભાજપ સામે મોરચો માંડયો છે અને આવા નારાજ થયેલા ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે તે પૈકીના ખેડા જિલ્લાના માતરના ધારાસભ્ય કેસરી સિંહનું નામ કાપી નાખતા કેસરી સિંહે નારાજગીના સૂર વ્યક્ત કર્યા છે અને કેસરી સિંહે પોતાના ટ્વિટર એકાઉન્ટ ઉપર ગોપાલ ઈટાલિયા સાથેનો ફોટો શેર કર્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ તમામ રાજકીય પક્ષોએ જીત મેળવવા માટે પોતાની પૂરી તાકાત લગાવી દીધી છે. આ સાથે જ કેટલાક નેતાઓ એવા પણ છે જેઓ ટિકિટ કપાઈ જવાથી નારાજ થઈને બીજી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ દિવસોમાં ગુજરાતમાં આવા નેતાઓનું પૂર આવ્યું છે.

હવે આ યાદીમાં ભાજપના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીનું નામ પણ જોડાયું છે.

વાસ્તવમાં, ભારતીય જનતા પાર્ટીએ આગામી વિધાનસભા ચૂંટણીમાં માતરથી પાર્ટીના ધારાસભ્ય કેસરી સિંહને ટિકિટ આપી નથી. તેથી જ કેસરી સિંહ બળવાખોર વલણ બતાવીને આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.કહેવાય છે કે કેસારસિંહ માતરની બેઠક પરથી ઉમેદવારી કરી શકે છે.

## પેટ્રોલ-ડીઝલના વેચાણ ઉપર નફો વધવાને કારણે કિંમતમાં ઘટાડો થઈ શકે છે
### મોંઘવારીથી પરેશાન લોકોને ટૂંક સમયમાં મોટી રાહતના સમાચાર મળી શકે છે

નવીદિલ્હી,તા.૧૧

ઘણા રાજ્યોમાં ચુટણીની તૈયારીઓ ચાલી રહી છે અને એવામાં ચૂંટણી પહેલા પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે. જો કે કિંમત ઘટાડાની પાછળનું કારણ ચુંટણી નહીં પણ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતો લાંબા સમયથી નરમ રહેલ કિંમત છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતમાં ઘટાડાની સ્થિતિમાં ઈન્ડિયન ઓઈલ, બીપીસીએલ એચપીસીએલ જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને હાલ પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં ઘણો ફાયદો થઈ રહ્યો છે.



જો કે આ કંપનીઓએ લાંબા સમયથી કિંમતો સ્થિર રાખી છે અને તેના કારણે જ્યારે કિંમત વધુ હતી ત્યારે કંપનીઓને મોટું નુકસાન પણ થયું હતું પણ હવે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર નફો વધવાને કારણે તેઓ કિંમતમાં ઘટાડો કરી શકે છે.

એક રિપોર્ટ અનુસાર કંપનીઓને હાલ પેટ્રોલ પર લગભગ ૬ રૂપિયા પ્રતિ લીટરનો સરપ્લસ મળી રહ્યો છે અમે હાલની સ્થિતિમાં કંપનીઓ માટે કિંમતમાં ઘટાડો કરવો શક્ય છે. જો કે અગાઉના નુકસાનની ભરપાઈ કરવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કિંમત ઘટાડવાનું ટાળ્યું હતું પણ હિમાચલ અને ગુજરાતમાં ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ ભાવમાં ઘટાડો થવાની અટકળો વધી ગઈ છે. હાલ એવો અંદાજ લગાવવામાં આવ્યો છે કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨.૫ રૂપિયા સુધીનો ઘટાડો કરી શકે છે.

જણાવી દઈએ કે ભારતે આ વર્ષે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે. યુક્રેન સાથેના રશિયાના યુદ્ધ પહેલા ભારતની કુલ ક્રૂડ આયાતમાં રશિયાનો હિસ્સો ૨ ટકા પણ ન હતો જે હવે ૨૦ ટકાની નજીક પહોંચી ગયો છે. ખાસ જણાવી દઈએ કે ગયા મહિને ઈરાક અને સાઉદી અરેબિયા જેવા સપ્લાયર્સને પાછળ છોડીને રશિયા દ્વારા ક્રૂડ ઓઈલ સપ્લાય કરતા દેશોની યાદીમાં ભારત પ્રથમ વખત પ્રથમ આવ્યું હતું. જો કે તેની પાછળ કારણ હતું કે ભારતને રશિયા પાસેથી આંતરરાષ્ટ્રીય કિંમતોની સરખામણીમાં ખૂબ ઓછી કિંમતે ક્રૂડ ઓઈલ મળી ગયું હતું.

ઈન્ટરનેશનલ માર્કેટમાં જ્યાં ૧૦૦ ડોલર પ્રતિ બેરલના ભાવે ક્રૂડ મળી રહ્યું છે એ જ સમયે ભારતને રશિયા પાસેથી ૨૫ ડોલર પ્રતિ બેરલ સુધી ક્રૂડ ઓઈલ મળી ગયું હતું.

જો કે તે સમયે પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે રશિયાએ તેના ક્રૂડ ઓઈલની કિંમતમાં ૧૮ થી ૨૫ ડોલર પ્રતિ બેરલનો ઘટાડો કર્યો હતો અને તેને કારણે જ ભારતને ઓછા કે ઓછા ડિસ્કાઉન્ટ પર ક્રૂડ આયાત કરવાનો મોકો મળ્યો હતો.

## ભરૂચની અંકલેશ્વર બેઠક પર બે સગા ભાઈ વચ્ચે મુકાબલો જોવા મળશે

ભરૂચ,તા.૧૧

ગુજરાત ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ઘણી એવી આશ્ચર્યજનક વાતો છે, જે હવે ખૂલીને સામે આવી છે. આ ચૂંટણીમાં ભરૂચની અંકલેશ્વર બેઠક પર બે સગા ભાઈ વચ્ચે મુકાબલો જોવા મળશે. ભાજપે ૧૬૦ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે, જ્યારે પહેલી યાદીના પાંચ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. જ્યારે કોંગ્રેસે પોતાના ૮૯ ઉમેદવારો જાહેર કરી દીધા છે. પરંતુ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોમાં બે સગા ભાઈઓ વચ્ચેની કહાની સામે આવી છે. બંને ભાઈઓ વચ્ચે ચાલતા પારિવારિક વિખવાદનો કોંગ્રેસે ફાયદો ઉઠાવ્યો હોવાની વાત સામે આવી છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ ઈશ્વરસિંહ પટેલને ટિકિટ આપી તો તેની સામ કોંગ્રેસે વિજયસિંહ પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

## ચૂંટણીના માહોલ વચ્ચે આવકવેરા વિભાગનું મેગા ઓપરેશન, કચ્છમાં ૩૦થી વધુ સ્થળે દરોડા
### ગાંધીધામ અંજાર અને ભુજમાં ભાગીદારોના રહેઠાણ અને ઓફિસ ઉપર તપાસ હાથ ધરવામાં આવી

ભુજ,તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઇ ગઇ છે. રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામો પણ જાહેર કરી દેવામાં આવ્યા છે. આ દરમિયાન આવકવેરા વિભાગે તવાઈ બોલાવવાનું શરુ કર્યુ છે. આવકવેરા વિભાગે કચ્છમાં ૩૦થી વધુ સ્થળોએ દરોડા પડીને તપાસ શરુ કરી છે. ફાઈનાન્સ, પ્રોપર્ટી, સહિતના વ્યવસાય સાથે સંકળાયેલા ખાવડ ગ્રુપ પર તવાઈ બોલાવવામાં આવી છે. ગાંધીધામ અંજાર અને ભુજમાં ભાગીદારોના રહેઠાણ અને ઓફિસ ઉપર તપાસ હાથ ધરવામાં આવી છે. દરોડાની તપાસની કાર્યવાહીના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળે તેવી શક્યતા છે.

મળતી માહિતી પ્રમાણે બ્લેકને વ્હાઈટ કરવાના ગોરખ ધંધાનો પર્દાફાશ કરનારાઓ પર ઈક્રમટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. રાજકીય ફંડ અંગે પણ ચર્ચા ચાલી રહી છે. ચૂંટણીના માહોલ વચ્ચે આવકવેરા વિભાગે તવાઈ બોલાવતા ગોરખ ધંધા કરતા શખ્સોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. દરોડામાં મુખ્યત્વે રિયલ એસ્ટેટમાં સંકળાયેલા ધંધાર્થીઓ સહિત ફાઈનાન્સ બ્રોકર સંબધિત વેપારીઓને ત્યાં વહેલી સવારથી તપાસનો દોર શરૂ થયો છે. આ દરોડામાં ૨૦૦થી વધુ અધિકારીઓ આ દરોડામાં સામલ થયા છે. આ આઈટી દરોડાના લીધે સમગ્ર રિયલ એસ્ટેટના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બીજી બાજુ ફઆઈનાન્સના બ્રોકરોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.ચાર દિવસ પહેલા સુરતની ઈકોસેલે પણ સૌથી મોટું જીએસટી કૌભાંડ ઝડપી પાડ્યું હતું. ૨૧ ડમી કંપનીઓ ઉભી કરીને ૧૧૬ કરોડથી વધુની ય્જી ચોરી ઝડપી પાડવામાં આવી છે. સુરત સહિત ગુજરાતના છ શહેરોમાં ઈકોસેલે રેડ કરી કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ બોગસ શેલ કંપનીઓ શરૂ કરી તેના નામે બોગસ બિલિંગ કરી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવાતી હતી. આ માટે ટોરેન્ટ પાવર અને ડીજીવીસીએલના ખોટા બિલો પણ રજૂ કરવામાં આવ્યા હોવાની માહિતી મળી રહી છે. આરોપીઓ બિલ બનાવ્યા બાદ ખોટ દર્શાવી જીએસટી ભરતા ન હતા અને એગ્રીકલ્ચર એકાઉન્ટમાં જમા થતા સરકારી નાણા પણ બારોબાર ઉપાડી લેતા હતા. આ કૌભાંડમાં કુલ ૧૨૦૬ કરોડના બોગસ બિલિંગ કરી તેમાં ૧૧૬ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવાઈ હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડમાં અત્યાર સુધી ૨૨ લોકોની પૂછપરછ કરાઈ છે, જેમાંથી ૧૪ લોકોની સંડોવણી સામે આવી છે. આ કૌભાંડમાં મુખ્ય ૪ સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે.

# શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs)ના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા અંગે જાહેરનામુ બહાર પડાયુ

ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ યોજવાનું જાહેર કરેલ છે. સદરહુ ચૂંટણી અન્વયે કેટલીક વ્યક્તિઓ દ્વારા આદર્શ આચારસંહિતા તથા ચૂંટણી કાયદાનો ભંગ થતો હોય તેવા વાંધાજનક શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) અન્ય વ્યક્તિઓને મોકલતા હોય છે. જેથી સદરહું ચૂંટણી સંદર્ભે આદર્શ આચારસંહિતાનો, ચૂંટણી કાયદાનો તથા ભારતના ચૂંટણી આયોગ દ્વારા વખતો વખત અપાતી સૂચના/આદેશનો ભંગ થાય તેવા શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂએ ફરમાવેલ છે કે, સદરહુ ચૂંટણી અન્વયે કોઈ વ્યક્તિએ આદર્શ આચારસંહિતાના ભંગ તથા ચૂંટણી કાયદાનો તથા ભારતના ચૂંટણી આયોગ દ્વારા વખતોવખત અપાતી સૂચના/આદેશનો ભંગ થતો હોય છે તેવા વાંધાજનક શોર્ટ મેસેજ સર્વીસીસ (SMSs) અન્ય વ્યક્તિઓને મોકલવા નહીં. ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન ચૂંટણી પ્રચાર માટે કરાયેલ જથ્થાબંધ (બલ્ક) એસ.એમ.એસ.નો ખર્ચ ઉમેદવારે ખર્ચ રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાના સમયગાળામાં ચૂંટણી પ્રચાર કે રાજકીય હેતુ માટે જથ્થા બંધ (બલ્ક) એસ.એમ.એસ. કરી શકાશે નહીં. આ જાહેરનામું અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેરના હકુમત સિવાયના વિસ્તારના અમદાવાદ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ – અમદાવાદ જીલ્લો

# ચૂંટણી પ્રચારમાં લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે નિયમો જાહેર કરતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી

**સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ**

ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા તથા પ્રચાર દરમ્યાન અનિયંત્રીત અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાતા અમદાવાદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામું બહાર પાડ્યું છે.

જે અંતર્ગત સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી શરતોને આધિન પાલન કરવાનું રહેશે. કોઈપણ પ્રકારના સ્થાયી અથવા વાહન પર લગાડેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૬:૦૦ કલાક થી રાતના ૧૦:૦૦ ક્લાક સુધી જ થઈ શકશે.

પરવાનગી મળેલ હોય છતા પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ, દવાખાના આવેલા હોય તે કચેરીઓની કામગીરીમાં દખલ ન થાય તે રીતે ધીમા અવાજે વગાડવાના રહેશે. ઉપરાંત ફરતા વાહન પર લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય ત્યારે આવા વાહન ચૂંટણી પ્રચારના હેતુ સબબ સંબધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસેથી પરમીટ/રજીસ્ટ્રેશન વગર ઉપયોગ કરી શકશે નહીં. મોટર વ્હીકલ એક્ટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવવાની રહેશે.

જે અનુસાર લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન,વાહન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ જાહેરનામું તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

# અમદાવાદ જિલ્લામાં તા.૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી ભરવા કે બોલવવા, સરઘસ કાઢવા અને એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી

સમગ્ર રાજયમાં હાલ આદર્શ આચાર સંહિતા અમલી છે. ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. ત્યારે ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત / સંસ્થા દ્વારા ચૂંટણી સંબંધી સભા, સરઘસ, રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે અમદાવાદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ મળેલી સત્તાની રૂએ ફરમાવ્યું છે કે, અમદાવાદ જિલ્લામાં તા.૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવુ નહીં અને એકઠા થવુ નહીં.

આ જાહેરનામું સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને, ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જી.આઈ.એસ.એફ. ફોરેસ્ટ, કસ્ટમ, એન.સી.સી. વિગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને તેમજ ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી અથવા આવી પરવાનગી આપવા માટે અધિકૃત 'કાર્યપાલક મેજિસ્ટ્રેટ દવારા મંજુરી આપેલ વ્યકિતઓને લાગું પડશે નહીં. સાથોસાથ આ જાહેરનામું લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રાને લાગું પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે આઈ.પી.સી કલમ-૧૮૮ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ – અમદાવાદ જીલ્લો

# ચૂંટણી પ્રચારમાં હથિયારબંધી અને ઉશ્કેરણીજનક કૃત્યો પર પ્રતિબંધ જાહેર કરતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી

ભારતના ચૂંટણીપંચ દ્વારા વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. જેના અનુસંધાને અમદાવાદ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લિક ઓર્ડરની જાળવણી વાસ્તે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ – ૩૭ (૧) થી મળેલ અધિકારની રૂઈએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકૂમત સિવાયના સમગ્ર વિસ્તારમાં ઉશ્કેરણીજનક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

અઢી ઈંચથી વધારે લાંબા ચપ્પા, શસ્ત્રો, દંડા,તલવાર, સોટી,બંદૂક, ખંજર, લાઠી કે અણીયાળા સાધનો રાખવા પર, પથ્થરો કે હાનિકારક સ્ફોટક પદાર્થો લઈ જવા, એકઠા કરવા કે અન્ય પર ફેંકવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આ ઉપરાંત અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ કે નીતિનો ભંગ થાય તેમજ રાજયની સલામતી જોખમાય તેવા ચેનચાળા, છટાદાર કે ઉશ્કેરણીજનક ભાષણો પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આ હુકમ સરકારી કામગીરી કે ફરજ પર હોય અથવા અધિકારી તેમજ અશક્ત વ્યક્તિને લાકડી-લાઠી સાથે રાખવી જરૂરી હોય તેમને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ની પેટા કલમ – ૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ અન્વયે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ જાહેરનામું તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

# ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓના તે મતદાર ક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પડાયુ

ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ યોજવાનું જાહેર કરેલ છે. તે મુજબ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત તા.૦૫/૧૨/૨૦૨૨નાં રોજ મતદાન થનાર છે.

ભારતના ચૂંટણી આયોગ દ્વારા આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહિતામાં ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓએ તાત્કાલિક અસરથી મતદાર ક્ષેત્ર છોડી દેવા અને તે મતદાર ક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ છે.

આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવેલ છે કે, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨નો ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓએ તે મતદાર ક્ષેત્રમાં રહેવું નહીં.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામું અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકૂમત સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામું તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

# જરૂરીયાત મંદ પરિવાર ને જન્મ દિવસે સિલાઈ મશીન વિતરણ કરવા મા આવ્યુ





આજરોજ લાયન્સ ક્લબ ઓફ દિગ્વિજય નગર અને મનોરમા બેન સી શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ના સયુકત ઉપક્રમે હિરેન ભાઈ મેવાડા ના જન્મ દિન નિમિતે જરૂરિયાત મંદ (બાર) પરિવાર ને સિલાઈ મશીન વિતરણ કરવામા આવ્યુ આ પ્રસંગે ડિસ્ટ્રીક્ટ ગવર્નર રસીક ભાઈ પટેલ તથા લાયન્સ ના પદ અધિકારીઓ તેમજ જૈન સમાજ ના અગ્રણીઓ મુકેશ વોરા ભરત ભાઈ શેઠ હાજર રહ્યા હતા.



લોકશાહીના પર્વમાં શતાયુ(૧૦૦) વર્ષીય આયુષ્યના મતદાર શ્રીમતી.વિમળાબેન બચુભાઈ રાઠોડ વિકાસની અવિરત યાત્રામાં આવનાર દિવસની અંદર ૫ ડિસેમ્બરે મતદાન કરવા જઈ રહ્યા છે ત્યારે પરિવારના સભ્યનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું.ભૂષણ અશોક ભટ્ટ.ખાડિયા ઉમેદવાર..



તા.૧૦-૧૧-૨૦૨૨ ગુરુવારે સાંજે ૪-૦૦ થી ૭-૦૦ દરમ્યાન પવિત્ર કાર્તિક માસમાં પિતૃઓના સ્મરણાર્થે સુંદર કાંડ પાઠનું આયોજન અક્ષત એલિગન્સ,વરદાન ટાવર પાસે,પ્રગતિ નગર, નારણપુરા ખાતે દિનેશભાઈ રાઠોડના નિવાસ સ્થાને ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સૌ સ્નેહીજનો અને પરિવાર જનોએ શ્રધ્ધા ભાવથી ભાગ લીધો હતો.

'કળાની નિજાનંદી પ્રસ્તુતિ એટલે પરમોત્સવ'': મોરારીબાપુ

# સ્વ પ્રભુદાસ બાપુની પુણ્યતિથિ નિમિત્તે તલગાજરડામાં સમૂહ લગ્ન અને સંતવાણી એવોર્ડ સમારોહ




તલગાજરડા (તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂ. મોરારીબાપુના વતન તલગાજરડામાં દર વર્ષે તેમના પિતાશ્રી પૂજય પ્રભુદાસબાપુની પુણ્યતિથિના ઉપલક્ષ્યમાં સમૂહલગ્ન અને સંતવાણી એવોર્ડનું આયોજન થાય છે. સને ૨૦૧૦ થી આરંભાયેલી આ યાત્રા આજે પણ ચાલુ છે. આજે તા. ૧૦-૧૧-૨૨ ના રોજ ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે ૧૫ મો એવોર્ડ સમારંભ સંપન્ન થયો.

પૂજય મોરારીબાપુએ એવોર્ડ સમારંભને સંબોધન કરતા જણાવ્યું કે ભજન એ ઉચ્ચાર નથી એ સ્વયં આચાર છે. તેથી આપણે સરકારશ્રીની તમામ આચાર સહિતાનું ચુસ્ત રીતે પાલન કરીએ છીએ. ઉત્સવો નાચતાં નાચતાં થાય,મહોત્સવ બુદ્ધ પુરુષોની સન્નીધિમા યોજાય અને પરમોત્સવ એટલે કે તમારી પાસે જે કળા છે તેને તમે તમારા નિજાનંદ માટે જ્યાં પ્રસ્તુત કરો તે પરમોત્સવ છે. તલગાજરડા દુનિયાની તમામ કળાઓને આવકારે છે. હનુમાનજી કળાથી પ્રસન્ન થાય છે અને આપણે આ ઉપક્રમથી એ દિશામાં જઈએ છીએ.

આજના એવોર્ડ સમારંભમાં સર્જકવંદના માટે દાસીજીવણ જગ્યા ઘોઘાવદરના મહંત પૂજ્ય શામળદાસ બાપુ-ઘોઘાવદર, ભજનીક -શ્રી ખેતશીભાઈ કાકુભાઈ ગઢવી-કચ્છ, તબલા -હર્ષદભાઈ રાવલ જુનાગઢ, વાયોલીન બેંજો -આનંદભાઈ મકવાણા મોરબી, અને મંજીરા પરબતભાઈ પટેલ ચમારડી બાબરાને સૂત્રમાલા પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનિ કરી તેમની ભાવવંદના કરવામાં આવી.

ચિત્રકુટધામ તલગાજરડા દ્વારા દર વર્ષે યોજાતા સમૂહલગ્નમાં આજે સવારે કુલ ૧૨ દીકરીઓના સમુહલગ્ન કરવામાં આવ્યા અને તેમાં સમગ્ર ગામ એ સામેલ થયું.

સંતવાણી આરાધનાના દોરમાં ભજનીકો લલિતા ઘોડાદ્રા, પરસોતમપરી મબાપુ, શૈલેષ મહારાજ, રામદાસ ગોંડલીયા અને જયશ્રી માતાજી એ પોતાની વાણી પ્રસ્તુત કરી.

કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના વિવિધ પ્રાંતના સંતો મહંતો અને ૧૦૦ કરતાં પણ વધારે લોક કલાકારો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ કર્યું હતું અને વ્યવસ્થા અને સંકલન શ્રી જયદેવ માંકડે સંભાળ્યું હતું.

# પેન્શન રજાઓ ગ્રેજ્યુટી અને અન્ય લાભો ચૂકવવા નો નામદાર ગુજરાત હાઈકોર્ટ નો આખરી આદેશ

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર મકાન અને માર્ગ પંચાયત વિભાગના તાંબા હેઠળ તા. ૨૧/૧૧/૭૨ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા ધીરાભાઈ ભુરાભાઈ પગી નાકાઈ ઈજનેર મકાન અને માર્ગ પંચાયત સંતરામપુર કચેરીમાં તારીખ ૨૧/૭/૭૬ થી થી રોજમદાર તરીકે ફરજ બજાવતા અમરાભાઈ વેચાત ખાટ તારીખ ૨૧/૭/૭૬ ફરજ બજાવતા મેઘાભાઈ લાલાભાઈ માલ તેમજ નાકાઈ માર્ગ અને મકાન પંચાયત ની કચેરી લુણાવાડા માં તારીખ ૨૧/૩/૭૩ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા લક્ષ્મણભાઈ સરદારભાઈ ડામોર વિગેરે ને તેમની નોકરીના અરસા દરમિયાન સરકારના નિયત કરેલ ૧૭/૧૦/૮૮ પરિપત્ર લાભો આપવામાં આવતા હતા આ તમામ અરજદારોને તેમની નોકરી દરમિયાન ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થતા મુજબ વય મર્યાદા પૂર્ણ થતા તેઓને નોકરીમાંથી નિવૃત કરેલ નિવૃત્તિ સમય અરજદારોને કોઈપણ પ્રકારના હક્કો જેવા કે ગ્રેજ્યુટી પેન્શન રજાઓ તેમજ મળવા પાત્ર અન્ય ભથ્થાઓ ચૂકવેલ ન હતા આ અરસા દરમિયાન ધીરાભાઈ પગી અમરાભાઈ ખાટ મેઘાભાઈ માલ વિગેરેના અવસાન થયેલ જેને લઈ ગુજરનારના વારસ પતની શાંતાબેન પગી સવિતાબેન ખાટ તથા કનકીબેન માલ સહિતના તમામ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્કસાધી એમને થયેલા અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશનને આ વિભાગના લાગતા વળતા સરકારી અધિકારીઓ ને હયાત કામદાર તથા ગુજરનાર કામદારોના વારસોને સરકારશ્રીના નિયત કરેલ નિયમ મુજબ રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પૂરેપૂરી ગ્રેજ્યુટી રજાઓ અન્ય લાભો ભથ્થાઓ તેમજ પેન્શનના લાભો આપવા બાબતે સરકાર શ્રીને નોટિસ પાઠવે પરંતુ લાંબા સમય સુધી આવા કોઈ લાભો આપવા બાબતે સરકાર તરફથી કોઈ નિર્ણય લેવામાં ન આવતા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ દાખલ કરી તેમાં જરૂરી દસ્તાવેજો રજૂ કર્યો આ તમામ દસ્તાવેજો ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૨૮/૯/૨૨ ના રોજ ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ સાહેબે કામદાર લક્ષ્મણ ડામોર ને નિવૃત્તિ ની તારીખથી રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન પેન્શન તફાવત તેમજ ગુજરનારના વારસ પત્નીઓને રોજમદારોના અવસાન ની તારીખ સુધી સળંગ પેન્શન ગણી તેનો તફાવત

ત્યારબાદ ફેમિલી પેન્શન સહિતના તમામ લાભો આપવા નો આખરી આદેશ ફરમાવેલ છે જે આદેશ થકી ગુજરનારના પરિવારમાં આ લાભો મળવાથી આનંદ અને ઉલ્લાસ છવાયો છે.

પ્રમુખ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન

એ.એસ. ભોઈ કાલોલ જી પંચ.

# વાઘોડિયાથી ટિકિટ ન મળતા મધુ શ્રીવાસ્તવની અપક્ષ કે કોઈ પાર્ટી સાથે લડવાની જાહેરાત કરી

વડોદરા,તા.૧૧

વડોદરાના વાઘોડિયા બેઠક પરથી રિપીટ ન કરાતા ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ લડી લેવાના મૂડમાં જોવા મળ્યા છે અને હવે અપક્ષ અથવા તો અન્ય કોઈ પક્ષ સાથે તે ઈલેક્શન લડી શકે છે. અપક્ષ તરીકે લડવુ કે અન્ય કોઈ પક્ષના બેનર હેઠળ લડવુ તે અંગે તેઓ આવતીકાલે જાહેરાત કરશે. ભાજપ દ્વારા ૧૬૦ ઉમેદવારોની ટિકિટ જાહેર થયા બાદ તેમણે જણાવ્યુ હતુ કે કાર્યકર્તાઓ સાથે મળીને નિર્ણય કરશે.

મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે કાર્યકરોની લાગણી છે કે મધુભાઈ તમે આગળ વધો, તનમનધનથી તમને જીતાડીને આવશુ. અપક્ષ તરીકે લડો તો અપક્ષ તરીકે જે પાર્ટી પરથી લડો તે પાર્ટીથી અમે તમને જીતાડીશુ. વધુમાં મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે કાર્યકર્તાઓએ નિર્ણય લીધો છે, કાલે બેસીશુ અને કેવી રીતે ચૂંટણી લડવી, અપક્ષ લડવુ કે કોઈ પાર્ટી સાથે લડવુ તે તે નિર્ણય અંગે જાહેરાત કરશે.

ઉલ્લેખનીય છે કે ભાજપે વાઘોડિયા બેઠક પરથી આ વખતે મધુ શ્રીવાસ્તવની ટિકિટ કાપી મનિષા વકીલને મેદાને ઉતાર્યા છે. આ પહેલા મધુ શ્રીવાસ્તવે બુધવારે જ ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી. મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ હતુ કે વાઘોડિયા બેઠક પરથી તે ઉમેદવારી નહી કરે. આ અગાઉ તેમણે તેઓ નહીં પણ તેમના પત્ની ચૂંટણી લડશે તેવું જણાવ્યુ હતુ. જો કે હવે તેમણે પત્નીને ટિકિટ આપવા બાબતે ફેરવી તોળ્યુ હતુ કે- તેમણે મશ્કરીમાં કહ્યું હતું કે તેઓ પોતે નહીં તો તેમના પત્ની ચૂંટણી લડશે. પરંતુ ભાજપમાં કોઈ સગાને ટિકિટ આપવાની ના પાડેલી છે. જેથી ટિકિટનો સવાલ જ નથી ઉભો થતો. તેમણે કહ્યું કે- તેઓ ભાજપમાં છે અને ભાજપના સેવક બનીને જ રહેવાના છે.

આ તરફ વાઘોડીયા બેઠક પર ૨૦૧૭માં અપક્ષમાંથી દાવેદારી કરનાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પણ દાવેદારી નોંધાવી છે. મહત્વનું છે કે, ૨૦૧૭માં મધુ શ્રીવાસ્તવ સામે અપક્ષમાંથી ચૂંટણી લડનાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૫૨ હજાર મત મળ્યા હતા જયારે મધુ શ્રીવાસ્તવને ૬૩ હજાર મત મળ્યા હતા અને ગત વિધાનસભાની ચૂંટણી હાર બાદ પણ મત ક્ષેત્રમાં સક્રિય રહીને મધુ શ્રીવાસ્તવને સતત પડકાર આપી રહ્યા છે.

# શંકરસિંહ વાઘેલા મલ્લિકાર્જુન ખડગેના કાર્યક્રમમાં ફરીથી કોંગ્રેસનો હાથ પકડે તેવી સંભાવના !

ગાંધીનગર,તા.૧૧

પૂર્વ મુખ્યપ્રધાન અને કોંગ્રેસ નેતા શંકરસિંહ વાઘેલા ફરી પકડી શકે છે કોંગ્રેસનો હાથ પકડી શકે છે. ૧૨ નવેમ્બરના શંકરસિંહ બાપુ પણ કોંગ્રેસમાં જોડાશે તેવી તમામ શકયતાઓ જોવાઈ રહી છે. શંકરસિંહ વાઘેલા તેમના કાર્યકરોને ફોન કરવાનુ કર્યું શરૂ હોવાની માહિતી સૂત્રોએ જણાવની હતી. તેમણે ૧૨ નવેમ્બરે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના કાર્યક્રમમાં હાજર રહેવા સમર્થકોને સૂચના આપી છે, ત્યારે એવી તમામ શકયતાઓ જોવાઈ રહી છે કે ખડગેની હાજરીમાં શંકરસિંહ કોંગ્રેસમાં જોડાઈ શકે છે.દરમિયાન થોડા દિવસ અગાઉ જ શંકરસિંહ વાઘેલાએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હું ભાજપ અને કોંગ્રેસ બંનેને બરાબર જાણુ છુ. જો બીજેપીથી બચવુ હોય તો કોંગ્રેસને લાવો. તે સમયે તેઓએ એવું પણ કીધું હતું કે હું કોગ્રેસમાં હોઉ કે ન હોઉ તેનાથી કોઈ ફર્ક નથી પડતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.